

દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાન-પરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે.

—સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સં. ૧૮ સં. ૨૦૫૪ [ ૬૫૫ ૬૫૬ ] * **આત્મધર્મ** * [ અંક-૧૧-૧૨ વર્ષ-૫૪ ] વીર સં. ૨૫૨૪ મે-જૂન–૧૯૯૮

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જે પુરુષ રાત્રિના ભોજન કરે છે તે સર્વ પ્રકારની ધર્મક્રિયાથી રહિત હોય છે. રાત્રિભોજન કરનાર પુરુષમાં અને પશુમાં માત્ર શિંગડા સિવાય બીજો કોઈ ભેદ નથી. ૫૦૪.

*(શ્રી અમિતગતિ આચાર્ય, ધર્મ પરિક્ષા, પરિચ્છેદ-૨૦, શ્લોક-૫)*

❀ જે પોતાની આગલી–પાછલી વાતને (ભૂત-ભવિષ્યના પરિણામને) જાણતો નથી તે જ ભવસુખ (ઇન્દ્રિયવિષયો)ને માટે તલસે છે; જે પોતાની આગલી–પાછલી વાતને (ભૂત-ભવિષ્યના પોતાના અસ્તિત્વને) જાણે છે તે કદી સંસારની જરાપણ ચાહના કરતો નથી. ૫૦૫.

*(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૧૦૨)*

❀ ઇસ અનંતાનુબંધીકા વાસનાકાલ સંખ્યાત અસંખ્યાત અનંતભવ પર્યંત ચલા જાય હૈ. એક બાર કિસી જીવ પર ક્રિયા જો ક્રોધાદિકભાવ સો અનંતકાલ તાંઈ દુઃખદાઈ હૈ, તાતૈં ઇનકે ઉપજનેકા કારણ ઘટાવના, ઇનકે અભાવ હોનેકા કારણ મિલાવના, સુસંગતિમેં રહના, કુસંગતિમેં ન રહના, ઇનકે નાશકા પ્રથમ ઉપાય તો યહ હૈ, પીછે જૈસેં બને તૈસેં ઇનકે છોડનેકા ઉપાય કરના. ૫૦૬. *(શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું-૬૨)*

❀ હે આત્મા ! તેં ઇચ્છિત લક્ષ્મી પ્રાપ્ત કરી લીધી છે, સમુદ્ર પર્યંત પૃથ્વી પણ ભોગવી લીધી છે અને જે વિષયો સ્વર્ગમાં પણ દુર્લભ છે તે અતિશય મનોહર વિષયો પણ પ્રાપ્ત કરી લીધા છે. છતાં પણ જો પાછળ મૃત્યુ આવવાનું હોય તો આ બધું વિષયુક્ત આહાર સમાન અત્યંત રમણીય હોવા છતાં પણ ધિક્કારવા યોગ્ય છે. તેથી તું એક માત્ર મુક્તિની ખોજ કર. ૫૦૭.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૪૦)*

❀ જો જિનવરેન્દ્રોએ મોક્ષના અભિલાષીને, 'દેહ પરિગ્રહ છે' એમ કહીને, દેહમાં પણ અપ્રતિકર્મપણું (સંસ્કાર રહિતપણું) ઉપદેશ્યું છે, તો પછી તેમનો એવો આશય છે કે તેને અન્ય પરિગ્રહ તો શાનો હોય ? ૫૦૮.

*(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૨૪)*

કહાન સંવત-૧૮ વર્ષ-૫૪ અંક-૧૧ [ ૬૫૫ ]

વીર સંવત ૨૫૨૪ સં. ૨૦૫૪ MAY. A. D. 1998






શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


## પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આઠમી સાંવત્સરિક સમાધિતિથિ નિમિત્તે

## 卐 વૈરાગ્ય-પ્રેરક—વચનામૃત 卐

* "મનુષ્યપણું આપ્ત ઉપદિષ્ઠીત શ્રુતધર્મનું શ્રવણ, તે પ્રત્યે શ્રદ્ધા અને અંતમાં સંયમને વિષે બળ–પરાક્રમનું ખર્ચવું એ ઉત્તરોત્તર અતિ અતિ દુર્લભ છે એમ જાણી ઉપરોક્ત ચાર પરમ મંગલમાંથી મળેલ મનુષ્યપણાને બાકીના ત્રણ પરમ મંગલથી અલંકૃત કરો, શોભાવો !" રાજપદ તો શું પણ તેથી એ ઉત્કૃષ્ટ અનુપમ લક્ષ્મીના હેતુભૂત ધર્મને પ્રાપ્ત કરવાની આ દુર્લભ મોસમમાં કુસકા (વિનાશી વિભૂતિ) લેવા ભણી દોડી વ્યર્થ કાળ વ્યય કરવો એ સુબુદ્ધિમાનને યોગ્ય નથી. રાજ્યાદિ વિનાશી ચપળ વિભૂતિ તો ધર્મ માર્ગે પ્રયાણ કરતાં વચ્ચે વચ્ચે સહેજે આવી મળશે. એ તરફની અતિ ઘેલી આતુરતા છોડો.

—શ્રી આત્માનુશાસન

* સમસ્ત લોકનો સાર નિઃસાર છે એમ સમજીને તથા સંસાર અનંત અપાર છે એમ જાણીને, લોકના અગ્ર શિખર ઉપર નિવાસ કરવો એ જ સુખકાર અને નિરુપદ્રવ છે, તેમ પ્રમાદ છોડીને ચિંતન કરો અર્થાત મોક્ષસ્થાન જ આ લોકમાં સાર તથા પૂર્ણ નિરુપમ

સુખનું સ્થાન છે એમ સમજીને તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

—શ્રી મૂલાચાર, લોકાનુપ્રેક્ષા

* ક્યાંય રોકાઈશ નહીં. વિકલ્પની કાંઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. હમણાં યુવાની છે માટે રળી લઈએ. એ રહેવા દે બાપુ! મોત માથે નગારા વગાડે છે. પછી કરીશ, પછી કરીશ એમ રહેવા દે. અંદરમાં કાંઈ પણ વિકલ્પ રહેશે કે આ કરું...આ કરું...એમ વાયદા કરીશ તો અંદર જઈ શકીશ નહીં. —દૃષ્ટિનાં નિધાન

* તુમ્હારે સિયાનેપનકો ધિક્કાર હૈ ક્યોંકિ તુમને અત્યંત અસાવધાન રહકર સારહીન જીવન વ્યતીત કર દિયા. અબ ભી સાવધાન હો જાઓ, અન્યથા મૃત્યુકા સમય આ રહા હૈ. —શ્રી બુધજનસતસઈ

* અનાદિકાલસે ઇસ સંસારમેં ભ્રમણ કરતે હુએ ઇસ જીવકે અપને કર્મવશ કૌન બાંધવ નહીં હુએ ઔર કૌન શત્રુ નહીં હોંગે? અર્થાત્ અપને અપને કર્મવશ સભી જીવ એક દૂસરેકે મિત્ર ઔર શત્રુ હુએ હૈં ઔર હોંગે. ફિર ભી ન જાને ક્યોં યહ મનુષ્ય નવીન કુટુંબકે મોહમેં પડકર આપત્તિમેં પડતા હૈ ઔર જૈનધર્મકો છોડકર સદા અપને હિતસે ભ્રષ્ટ હોતા હૈ, આત્મહિતમેં નહીં લગતા.

—શ્રી સુભાષિતરત્નસંદોહ

* હે જીવ! જે પાપનો ઉદય જીવોને દુઃખ આપીને, શીઘ્ર મોક્ષ જવાને યોગ્ય ઉપાયોમાં બુદ્ધિ કરાવે છે તો તે પાપનો ઉદય પણ ભલો છે એમ જ્ઞાનીઓ કહે છે. —શ્રી પરમાત્મપ્રકાશ

* જો કોઈ મેરા અનેક પ્રકારકે વધબંધનાદિ પ્રયોગોંસે ઇલાજ નહિ કરેં તો મેરે પૂર્વ જન્મોં કે સંચિત કિયે અસાતા-કર્મરૂપી રોગકા નાશ કૈસે હો? ભાવાર્થ—જો મુઝે વધબંધનાદિકસે પીડિત કરતા હૈ વહ મેરે પૂર્વોપાર્જિત કર્મરૂપી રોગોંકો નષ્ટ કરનેવાલા વૈદ્ય હૈ ઉસકા તો ઉપકાર માનના યોગ્ય હૈ, કિન્તુ ઉસસે ક્રોધ કરના કૃતઘ્નતા હૈ.

—શ્રી જ્ઞાનાર્ણવ

* જિસ કારણસે પૂર્વ સંચિત કર્મોંકા ક્ષય હો જાવે વ નવીન

નથી તો વિચાર તો ખરો કે ચાર ગતિના ભયંકર દુઃખોના કારણભૂત કર્મોને તું શા માટે કરે છે? —શ્રી પરમાત્મપ્રકાશ

* સિંહ ચારે કોર ફરતા હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયારબંધ પોલીસ પોતાને મારવા માટે ફરતી હોય ને જેમ ઊંઘ ન આવે તેમ તત્ત્વનિર્ણય ન કરે ત્યાં સુધી એને (આત્માર્થીને) સુખેથી ઊંઘ પણ ન આવે. —દૃષ્ટિનાં નિધાન

* સર્વ ક્ષેત્ર કે સર્વકાળમાં કોઈ પણ પ્રકાર વડે જીવ કાળથી બચતો નથી કે બચશે પણ નહિ. સર્વ શરીરધારી પ્રાણીઓ એ પ્રચંડ કાળને વશ વર્તી રહ્યા છે એ પ્રત્યક્ષ જોઈને હે જીવ! પ્રતિ પળે વિનાશ સન્મુખ જતાં શરીરને રાખવાની ચિંતા છોડી એક નિજ આત્માને જ રાગ–દ્વેષાદિ દુષ્ટપરિણામોથી હણાતો બચાવ, બચાવ! વિનાશી પદાર્થને રાખવાની માથાકૂટ છોડી એ અવિનાશી નિજ આત્મપદનું રક્ષણ કર, રક્ષણ કર! અને દેહનાશની ચિંતાથી નિશ્ચિત થા. કારણ કે એ નિજપદ નથી પણ પર પદ છે. —શ્રી આત્માનુશાસન

* સંસારમેં સર્વત્ર ઉત્પન્ન હુએ જીવોંકો ઉનકે દ્વારા પૂર્વભવમેં કિયા ગયા પુણ્ય–પાપ હી સુખ અથવા દુઃખ દેતા હૈ, ઇસે રોકના શક્ય નહીં હૈ. પ્રાણીયોંકો ઉનકા ભાગ્ય દ્વીપમેં, સમુદ્રમેં, પર્વતકે શિખર પર, દિશાઓંકે અંતમેં ઔર કૂપમેં ભી ગિરે રત્નકો મિલા દેતા હૈ. ઇસ સંસારમેં પુણ્યશાલી જીવોંકી વિપદા ભી સંપદા બન જાતી હૈ ઔર પાપકર્મકે ઉદયસે સંપદા ભી વિપદા બન જાતી હૈ.

—શ્રી સુભાષિતરત્નસંદોહ

* યહ જીવન તો બિજલીકે ચમત્કારકે સમાન ક્ષણભંગુર હૈ ઔર સ્ત્રી, પુત્ર, કુટુંબાદિકા સંયોગ સ્વપ્નકે સમાન હૈ, પ્રાણીયોંકે સાથ સ્નેહ સંધ્યાકી લાલીકે સમાન હૈ, તિનકે પર પડી હુઈ ઓસકી બિન્દુકે સમાન શરીર પતનશીલ હૈ. —શ્રી સારસમુચ્ચય

* દૈવ ઔર મૃત્યુ દોનોંકા હી નિરાકરણ નહીં હો સકતા તબ રક્ષણ યા શરણકે લિયે કિસીકા ભી અનુસરણ કરના યા કિસીકે સામને દીનતા પ્રકાશિત કરના વ્યર્થ હી હૈ. ક્યોંકી ન તો કોઈ મેરે ભાગ્યમેં

પરિવર્તન કર સકતા હૈ ઔર ન મેરી મૃત્યુકો હી રોક સકતા હૈ. યે દોનોં કાર્ય અવશ્યમ્ભાવી હૈં અત-એવ ઇનકે લિયે ધૈર્યકા અવલંબન લેના હી સત્પુરુષોંકો ઉચિત હૈ. —શ્રી અનગારધર્મામૃત

* (સંસારસે વૈરાગ્ય હોને પર ચક્રવર્તી સોચતા હૈ કિ) યહ ચક્રવર્તીકા સામ્રાજ્ય કુમ્હારકી જીવનીકે સમાન હૈ ક્યોંકિ જિસ પ્રકાર કુમ્હાર અપના ચક્ર (ચાક) ઘુમાકર મિટ્ટીસે બને હુએ ઘડે આદિ વર્તનોંસે અપની આજીવિકા ચલાતા હૈ, ઉસી પ્રકાર ચક્રવર્તી ભી અપના ચાક (ચક્રરત્ન) ઘુમાકર મિટ્ટીસે ઉત્પન્ન હુએ રત્ન યા કર આદિસે અપની આજીવિકા ચલાતા હૈ—ભોગોપભોગકી સામગ્રી જુટાતા હૈ. ઇસલિયે ઇસ ચક્રવર્તીકે સામ્રાજ્યકો ધિક્કાર હૈ. —શ્રી આદિપુરાણ

* તે ભવ્યજીવને હું પ્રશંસું છું—ધન્ય માનું છું કે જેને નરકાદિ દુઃખનું સ્મરણ કરતાં જ, હરિ-હરાદિકની ઋદ્ધિની સમૃદ્ધિ પ્રત્યે પણ ઉદાસભાવ ઊપજે છે. —શ્રી ઉપદેશ સિદ્ધાંતરત્નમાળા

* જિનકી ભૌહકે કટાક્ષોંકે પ્રારંભમાત્રસે બ્રહ્મલોક પર્યંતકા યહ જગત ભયભીત હો જાતા હૈ, તથા જિનકે ચરણોંકે ગુરુભારકે કારણ પૃથ્વીકે દબને માત્રસે પર્વત તત્કાલ ખંડ ખંડ હો જાતે હૈં, ઐસે ઐસે સુભટોંકો ભી, જિનકી કિ અબ કહાનીમાત્ર હી સુનનેમેં આતી હૈં, ઇસ કાલને આ લિયા હૈ. ફિર યહ હીનબુદ્ધિ જીવ અપને જીનેકી બડી ભારી આશા રખતા હૈ, યહ કૈસી બડી ભૂલ હૈ! —શ્રી જ્ઞાનાર્ણવ

* જેમ કીડો વિષ્ટામાં રતિ માની રહ્યો છે, તેમ તું કામથી અંધ થઈ સ્ત્રીના ગંધાતા સડી રહેલાં કલેવર વિષે રતિ માની રહ્યો છે. કારણ કામાંધ પુરુષને ભલા-બુરાનો વિવેક જ હોતો નથી. હે ભવ્ય! મહા અંધકારસમ એ કામાંધપણું છોડી હવે તો કાંઈક વિવેકી થા!

—શ્રી આત્માનુશાસન

* જે સંસારભયથી શ્રી તીર્થંકરાદિક ડર્યા તે સંસારભયથી જે રહિત છે તે મોટો સુભટ છે. —શ્રી મોક્ષમાર્ગપ્રકાશક

* પરાક્રમ હી હૈ અદ્વિતીય રસ જિસકે, ઐસા યહ મનુષ્ય તબ તક હી ઉદ્ધત હોકર દૌડતા કૂદતા હૈ જબ તક કિ કાલરૂપી સિંહકી

ગર્જનાકા શબ્દ નહિ સુનતા. અર્થાત્ તેરી મૌત આ ગઈ ઐસા શબ્દ સુનતે હી સબ ખેલકૂદ ભૂલ જાતા હૈ. —શ્રી જ્ઞાનાર્ણવ

* મનુષ્ય સમુદ્રો, પર્વતો, દેશો અને નદીઓને ઓળંગી શકે છે, પરંતુ મૃત્યુના નિશ્ચિત્ સમયને દેવ પણ નિમેષમાત્ર (આંખના પલકારા બરાબર) જરાપણ ઓળંગી શકતો નથી. આ કારણે કોઈ પણ ઇષ્ટજનનું મૃત્યુ થતાં કયો બુદ્ધિમાન મનુષ્ય સુખદાયક કલ્યાણમાર્ગ છોડીને સર્વત્ર અપાર દુઃખ ઉત્પન્ન કરનાર શોક કરે ? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન શોક કરતો નથી. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* અંધ પુરુષકા સ્વભાવ હી અંધા હોતા હૈ. ઉસે કુછ દિખતા હી નહીં હૈ. ઇસી તરહ જો મિથ્યાત્વકે ઉદયસે અંધા હૈ વહ હિત–અહિત ધર્મ–અધર્મ પર દૃષ્ટિ ન દેતા હુઆ અજ્ઞાનસે કુઆચરણ કરકે ભોગોંમેં લિપ્ત હોકર દુઃખકા બીજ બોતા હૈ. અનંતાનંત દોષોંકા પાત્ર હોતા હૈ. સંસારમેં નરકગતિમેં જાતા હૈ યા નિગોદમેં દીર્ઘકાલ વિતાતા હૈ. —શ્રી ઉપદેશ–શુદ્ધસાર

* આ ચિદાનંદ ચોરાશીલાખ યોનિના શરીરોની સુધારણા કર્યા કરે છે. જે ઘરમાં રહે તેને સુધારે, પછી વળી બીજી શરીર–ઝૂંપડીને સુધારે. વળી બીજી પામે તેને સુધારતો ફરે. બધાં દેહ જડ, એ જડોની સેવા કરતાં કરતાં અનાદિકાળ વીત્યો, એ શરીરસેવાનો કર્મરોગ અનાદિથી લાગ્યો આવ્યો છે તેથી આ રોગ વડે પોતાનું અનંતબળ ક્ષીણપણાને પામ્યું તેથી મોટી વિપત્તિ—જન્માદિ ભોગવે છે. —શ્રી અનુભવપ્રકાશ

* હે અજ્ઞાની મનુષ્ય ! આ સમસ્ત જગત ઇન્દ્રજાળ સમાન વિનશ્વર અને કેળના થડ સમાન નિઃસાર છે. આ વાત શું તું નથી જાણતો ? શું શાસ્ત્રમાં સાંભળ્યું નથી ? અને શું પ્રત્યક્ષ નથી દેખતો ? અર્થાત્ તમે એને અવશ્ય જાણો છો, સાંભળો છો અને પ્રત્યક્ષપણે પણ દેખો છો તો પછી ભલા અહીં પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મરણ થતાં શોક કેમ કરો છો ? અર્થાત શોક છોડીને એવો કાંઈક પ્રયત્ન કરો કે જેથી શાશ્વત, ઉત્તમ સુખના સ્થાનભૂત મોક્ષને પામી શકો. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* જિન તીર્થંકરોંકે ચરણોંકો ઇન્દ્ર ચક્રવર્તી આદિ લોકશિરોમણિ પુરુષ અપની કાંતિરૂપી જલસે ધોતે હૈં, જો લોક-અલોકકો દેખનેવાલે કેવલજ્ઞાનરૂપી રાજ્યલક્ષ્મીકે ધારી હૈ ઐસે તીર્થંકર ભી આયુકર્મકે સમાપ્ત હોને પર ઇસ શરીરકો છોડકર મોક્ષકો ચલે જાતે હૈં, તો ફિર અન્ય અલ્પાયુધારી માનવોંકે જીવનકા ક્યા ભરોંસા ? —શ્રી સુભાષિતરત્નસંદોહ

* આ મનુષ્ય શું વાનો રોગી છે? શું ભૂત-પિશાચ આદિથી ગ્રહાયો છે? શું ભ્રાંતિ પામ્યો છે? અથવા શું પાગલ છે? કારણ કે તે 'જીવન આદિ વીજળી સમાન ચંચળ છે' આ વાત જાણે છે, દેખે છે અને સાંભળે પણ છે તોપણ પોતાનું કાર્ય ( આત્મહિત ) કરતો નથી.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* આ સંસારમાં સુખ તો બે દિવસનું છે, પછી તો દુઃખોની પરિપાટી છે; તેથી હે હૃદય! હું તને શિખામણ આપું છું કે તારા ચિત્તને તું વાડ કર, અર્થાત્ મર્યાદામાં રાખ ને સાચા માર્ગમાં જોડ.

—શ્રી પાહુડદોહા

* આ જગત ઇન્દ્રજાળ તથા કેળના સ્તંભ સમાન કેવળ નિઃસાર છે, એ શું તું નથી જાણતો? નથી સાંભળ્યું? વા પ્રત્યક્ષ નથી દેખાતું? હે જીવ! આપ્તજનોના મરણ પાછળ શોક કરવો એ નિર્જન અરણ્યમાં પોક મૂકવા સમાન વ્યર્થ છે. જે ઉત્પન્ન થયો છે તે મરશે જ. મરણના સમયે તેને કોણ બચાવી શકે તેમ છે? છતાં મૂર્ખ મનુષ્ય સંબંધીજનોના મરણ પાછળ શોક કરે છે એ જ અનાદિ કાલીન મોહની ઘેલછા છે.

—શ્રી આત્માનુશાસન

* આ પૃથ્વી ઉપર જે મૂર્ખ મનુષ્યો છે તેઓ પણ દુઃખનો નાશ કરવા માટે પ્રયત્ન કરે છે; છતાં પણ જો પોતાના કર્મના પ્રભાવથી તે દુઃખનો વિનાશ ન થે થાય તોપણ તેઓ એટલા મૂર્ખ નથી. અમે તો તે જ મૂર્ખોને મૂર્ખોમાં શ્રેષ્ઠ અર્થાત અતિશય મૂર્ખ માનીએ છીએ જે કોઈ ઇષ્ટ મનુષ્યનું મરણ થતાં પાપ અને દુઃખના નિમિત્તભૂત શોકને કરે છે.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* જિસ મૃત્યુતૈં જીર્ણ દેહાદિક સર્વ છૂટી નવીન હો જાય સો

મૃત્યુ સત્પુરુષનિકૈં સાતાકા ઉદયકી જ્યોં હર્ષકે અર્થી નહીં હોય કહા ? જ્ઞાનીનિકૈં તો મૃત્યુ હર્ષકે અર્થી હી હૈ. —મૃત્યુમહોત્સવ

* સંસારમાં લોકો પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મૃત્યુ થતાં જે વિલાપપૂર્વક ચીસો પાડીને રુદન કરે છે તથા તેનો જન્મ થતાં જે હર્ષ કરે છે તેને ઉન્નત બુદ્ધિના ધારક ગણધર આદિ પાગલપણું કહે છે. કારણ કે મૂર્ખતાવશ જે ખોટી પ્રવૃત્તિઓ કરવામાં આવી હોય તેનાથી થતાં કર્મના પ્રકૃષ્ટ બંધ અને તેના ઉદયથી સદા આ આખુંય વિશ્વ મૃત્યુ અને ઉત્પત્તિની પરંપરાસ્વરૂપ છે. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* અહો ! દેખો ! સ્વર્ગકા દેવ તો રોતા પુકારતા તથા સ્વર્ગસે નીચે ગિરતા હૈ ઔર કુત્તા સ્વર્ગમેં જાકર દેવ હોતા હૈ એવમ્ શ્રોત્રિય અર્થાત્ ક્રિયાકાંડકા અધિકારી અસ્પર્શ રહનેવાલા બ્રાહ્મણ મરકર કુત્તા, કૃમિ અથવા ચંડાલાદિ હો જાતા હૈ. ઇસ પ્રકાર ઇસ સંસારકી વિડંબના હૈ. —શ્રી જ્ઞાનાર્ણવ

* શ્રુતિ ( આગમ ), બુદ્ધિ, બલ, વીર્ય, પ્રેમ, સુંદરતા, આયુ, શરીર, કુટુંબીજન, પુત્ર, સ્ત્રી, ભાઈ ઔર પિતા આદિ સબ હી ચાલનીમેં સ્થિત પાનીકે સમાન સ્થિર નહીં હૈં—દેખતે દેખતે હી નષ્ટ હોનેવાલે હૈં. ઇસ બાતકો પ્રાણી દેખતા હૈ તો ભી ખેદકી બાત હૈ કિ વહ મોહવશ આત્મકલ્યાણકો નહીં કરતા હૈ. —શ્રી સુભાષિતરત્નસંદોહ

* જીવ એકલો મરે છે અને સ્વયં એકલો જન્મે છે; એકલાનું મરણ થાય છે અને એકલો રજરહિત થયો થકો સિદ્ધ થાય છે. —શ્રી નિયમસાર

* જિસ પ્રકાર કરવતસે લકડી કટતી હૈ ઉસી પ્રકાર રાત દિનકે દ્વારા તેરી આયુકે નિષેક ક્ષીણ હોતે હૈં અતઃ શીઘ્રાતીશીઘ્ર અપના ભલા કરો, ક્યોંકિ યહ ઠાઠ–બાટ તો યહીં પડા રહ જાયગા. —શ્રી બુધજન–સતસઈ

* જે વીર છે તેને પણ મરવું પડે છે તથા જે વીર નથી તે પણ અવશ્ય મરે છે. જો વીર તથા કાયર બંને મરે જ છે તો વીરતાથી

અર્થાત સંક્લેશ રહિત પરિણામોથી મરવું જ શ્રેષ્ઠ છે. હું સંક્લેશરહિત પરિણામથી પ્રાણનો ત્યાગ કરીશ.

—શ્રી મૂલાચાર

* સુખ પાનેકે ભાવસે પ્રેરિત હોકર મૂર્ખ મનુષ્ય કયા કયા પાપ નહિ કર ડાલતે હૈં ? જિસ પાપસે કરોડોં જન્મોમેં ભી દુઃખોંકો પાતે હૈં.

—શ્રી સારસમુચ્ચય

* જબ ઇન્દ્ર, ચંદ્ર આદિ ભી મરણકે દ્વારા નિશ્ચયસે નાશ કિયે જાતે હૈં તબ ઉનકે મુકાબલમેં કીટકે સમાન અલ્પાયુવાલે અન્ય જનકી તો બાત હી કયા હૈ ? ઇસલિયે અપને કિસી પ્રિયકે મરણ હો જાને પર વૃથા મોહ નહીં કરના ચાહિયે. ઇસ જગતમેં તૂ ઐસા કોઈ ઉપાય શીઘ્ર ઢૂંઢ જિસસે કાલ અપના દાવ ન કર શકે.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* આશારૂપ ખાણ નિધિઓથી પણ અતિશય અગાધ છે. વળી એ એટલી બધી ગહન અને વિશાળ છે કે જે ત્રિલોકની સમસ્ત વિભૂતિથી પણ ભરાવી અસંભવ છે. માત્ર એક આત્મગૌરવ–આત્મ-મહત્તારૂપ ધનવડે સહજમાં તે ભરાય છે કે જે હજારો પ્રકારની તૃષ્ણારૂપ દુઃખદ વ્યાકુળતાને શમાવવામાં એક અદ્વિતીય અમોઘ ઔષધ છે.

—શ્રી આત્માનુશાસન

* જે જીવને જે કાળમાં જે વિધાનથી જન્મ–મરણ ઉપલક્ષણથી દુઃખ–સુખ–રોગ–દરિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં તે જ વિધાનથી નિયમથી થાય છે તેને ઇન્દ્ર કે જિનેન્દ્ર તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.

—શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા

* અજ્ઞાની–બહિરાત્મા જેમાં—શરીર, પુત્ર, મિત્રાદિ બાહ્ય પદાર્થોમાં—વિશ્વાસ કરે છે તેનાથી—શરીરાદિ બાહ્ય પદાર્થોથી બીજું કોઈ ભયનું સ્થાન નથી અને જેનાથી—પરમાત્મસ્વરૂપના અનુભવથી તે ડરે છે તેનાથી બીજું કાંઈ આત્માને નિર્ભયતાનું સ્થાન નથી.

—શ્રી સમાધિતંત્ર

* લોકમેં જો દુર્બુદ્ધિ મનુષ્ય, મરણકો પ્રાપ્ત હુએ મનુષ્યકે લિયે શોક કરતા હૈ વહ અપને પરિશ્રમકા વિચાર ન કરકે માનોં આકાશકો મુઠ્ઠિયોંસે આહત કરતા હૈ અથવા ( તેલકે નિમિત્ત ) બાલુકે સમૂહકો પીલતા હૈ.

—શ્રી સુભાષિતરત્નસંદોહ

* મનુષ્ય પ્રાણીની દુર્લભતા અને ઉત્તમતાને લઈને વિધિરૂપ મંત્રીએ તેની અનેક પ્રકારે રક્ષા કરી. દુષ્ટ પરિણામી નર્કના જીવોને અધોભાગમાં રાખ્યા, લોકની ચારે તરફ અનેક મહાન અલંઘ્ય સમુદ્ર તથા તેની ચારે તરફ ઘનોદધિ, ઘન અને તનુ એ નામના ત્રણ પવનથી વીંટી વિસ્તીર્ણ કોટ કરી રાખ્યો અને વચ્ચે જતનથી મનુષ્ય પ્રાણીને રાખ્યા. આટલા આટલા વિધિના પૂર્ણ જાપ્તા છતાં પણ મનુષ્ય-પ્રાણી મરણથી ન બચ્યાં. અહો ! યમરાજ અત્યંત અલંઘ્ય છે.

—શ્રી આત્માનુશાસન

* જો જીવ મૃત્યુ નામ કલ્પવૃક્ષકૂં પ્રાપ્ત હોતેં હૂં અપના કલ્યાણ નાહીં સિદ્ધ કિયા સો જીવ સંસારરૂપ કર્દમમેં ડૂબા હુઆ પીછૈં કહા કરસી ?

—મૃત્યુમહોત્સવ

* જેમ અતિશય કીચડમાં ખૂંચી ગયેલાં ગાડાને બળવાન ધોરી ધવલ વૃષભ બહાર કાઢે છે તેમ આ લોકમાં મિથ્યાત્વરૂપી કીચડમાં ફસાયેલા પોતાના કુટુંબને તેમાંથી કોઈ પુરુષ ઉત્તમ વિરલા જ બહાર કાઢે છે.

—શ્રી ઉપદેશ સિદ્ધાંતરત્નમાળા

* હે જીવ ! હું અકિંચન છું અર્થાત્ મારું કાંઈ પણ નથી એવી સમ્યક્ ભાવનાપૂર્વક તું નિરંતર રહે, કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોકયનો સ્વામી થઈશ. આ વાત માત્ર યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું.

—શ્રી આત્માનુશાસન

* જિસ મનુષ્યકે, બિના કિસી કારણ કે હી, ક્રોધ ઉત્પન્ન હુઆ કરતા હૈ વહ ગુણવાન ભી ક્યોં ન હો, કિન્તુ ઉસકી કોઈ ભી ભક્તિ નહીં કરતા હૈ, ઠીક હૈ—ઐસા કૌનસા બુદ્ધિમાન મનુષ્ય

હૈ જો કિ અનેક તીવ્ર રોગોંકો નષ્ટ કરનેવાલે મણિસે ભી યુક્ત હોને પર બાર બાર કાટનેકે અભિમુખ હુએ આશીવિષ સર્પસે પ્રેમ કરતા હો ? અર્થાત્ કોઈ નહીં કરતા !! ક્રોધ એક પ્રકારકા વહ વિષૈલા સર્પ હૈ કિ જિસકે કેવલ દેખને માત્રસે હી પ્રાણી વિષસે સંતપ્ત હો ઉઠતા હૈ.

—શ્રી સુભાષિતરત્નસંદોહ

* દુનિયા કે ધંધે કરતા ફિરતા હૈ, અપના કાર્ય નહીં કરતા, અપની ઝોંપડી જલ રહી હૈ ઉસકો બુઝાતા નહીં, દૂસરોં કે ઘરકા ઇલાજ કરતા ફિરતા હૈ.

—શ્રી બુધજન સતસઈ

* હે આત્મન્ ! તૂ નિગોદકે વાસમેં એક અંતર્મુહૂર્તમેં છાસઠ હજાર તીનસો છત્તીસ બાર મરણકો પ્રાપ્ત હુઆ. —શ્રી ભાવપાહુડ

* દુર્નિવાર દૈવના પ્રભાવથી કોઈ પ્રિય મનુષ્યનું મરણ થઈ જાય તો અહીં શોક કરવામાં આવે છે તે અંધારામાં નૃત્ય શરૂ કરવા બરાબર છે. સંસારમાં બધી વસ્તુઓ નાશ પામે છે—એમ ઉત્તમ બુદ્ધિ દ્વારા જાણીને સમસ્ત દુઃખોની પરંપરાનો નાશ કરનાર ધર્મનું સદા આરાધન કરો.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* ઇસ સંસારમેં યે જો પ્રખ્યાત પુણ્યશાલી ચંદ્ર, સૂર્ય, દેવેન્દ્ર, નરેન્દ્ર, નારાયણ, બલભદ્ર આદિ કીર્તિ, કાંતિ, દ્યુતિ, બુદ્ધિ, ધન ઔર બલકે ધારી હૈં વે ભી યમરાજકી દાઢમેં જાકર, અપને-અપને સમય પર મૃત્યુકો પ્રાપ્ત હોતે હૈં, તબ દૂસરોંકી તો બાત હી ક્યા હૈ ? અતઃ બુદ્ધિમાનોંકો ધર્મમેં મન લગાના ચાહિયે.

—શ્રી સુભાષિતરત્નસંદોહ

* પૂર્વોપાર્જિત દુર્નિવાર કર્મના ઉદયવશે કોઈ ઇષ્ટ મનુષ્યનું મરણ થતાં જે અહીં શોક કરવામાં આવે છે તે અતિશય પાગલ મનુષ્યની ચેષ્ટા સમાન છે. કારણ કે તે શોક કરવાથી કાંઈ પણ સિદ્ધ થતું નથી પરંતુ તેનાથી કેવળ એ થાય છે કે તે મૂઢ બુદ્ધિવાળા મનુષ્યના ધર્મ, અર્થ અને કામરૂપી પુરુષાર્થ આદિ જ નષ્ટ થાય છે.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* માતાના ગર્ભમાં રહેવાથી જે દુઃખ થાય છે તે નરકની માફક અતિશય તીવ્ર હોય છે તથા કુંભીપાક સમાન હોય છે. (ઘડાની માફક શરીરને અગ્નિમાં નાંખે છે.) નરકમાં નારકી જીવ અન્ય નારકીને ખૂબ રીબાવી-રીબાવીને બાળે છે તેવું દુઃખ ગર્ભમાં જીવને થાય છે. વળી ગર્ભાશય રુધિરથી અતિશય ઘૃણાસ્પદ હોય છે. એવા ગર્ભમાં મારે રહેવું પડશે એવો ભય જેના મનમાં ઉત્પન્ન થવાથી, તેનાથી દૂર રહેવા માટે મુનિરાજ હંમેશા જિનવાણીના ચિંતનમાં તત્પર થાય છે. —શ્રી મૂલાચાર

* હે શિષ્ય! જો કુછ પદાર્થ સૂર્યકે ઉદય હોને પર દેખે થે વે સૂર્યકે અસ્ત હોનેકે સમય નહીં દેખે જાતે, નષ્ટ હો જાતે હૈં. ઇસ કારણ તૂ ધર્મકો પાલન કર, ધન ઔર યૌવન અવસ્થામેં કયા તૃષ્ણા કર રહા હૈ! —શ્રી પરમાત્મપ્રકાશ

* દયારહિત યમરાજ જો મરણસે ડરતા હૈ ઉસકો છોડતા નહીં હૈ ઇસલિયે બેમતલબ ડર ન કર. અપના ચાહા હુઆ સુખ કભી નહીં પ્રાપ્ત હોતા હૈ ઇસલિયે તૂ ઇસ સુખકી ઇચ્છા ન કર. જો મર ગયા—નષ્ટ હો ગયા ઉસકા શોચ કરને પર લૌટકર નહીં આતા હૈ ઇસલિયે બેમતલબ શોક ન કર. સમજકર કામ કરનેવાલે વિદ્વાન બેમતલબ કામ કિસલિયે કરેંગે? — શ્રી તત્ત્વભાવના

* હે પિતાજી! હે માતાજી! જ્યારે ભવનમાં આગ લાગી જાય ત્યારે સમજદાર મનુષ્ય બહાર ભાગવાનો પ્રયત્ન કરે છે પણ શત્રુ હોય છે તે તેને પકડીને પણ આગમાં ફેંકે છે. તેમ મોહની જ્વાળાથી ભડભડતો આ સંસાર છે, તે સંસારદુઃખની અગ્નિજ્વાળાથી હું બહાર નીકળવા માગું છું ત્યારે આપ કોઈ શત્રુની જેમ મને ફરીને અગ્નિ-જ્વાળામાં ન ફેંકશો. —શ્રી વરાંગચરિત્ર

* કરના કયા હૈ ઔર કરતા કયા હૈ? યહ બાત અપને ધ્યાનમેં નહીં રખતા ઔર ગાંઠકી પૂંજી ખોકર ઉલ્ટી માર ખાતા હૈ અર્થાત્ માનવદેહ વ્યર્થમેં ખો રહા હૈ. —શ્રી બુદ્ધજન સતસઈ

* ઇન્દ્રિયોંકે ભોગોંસે હોનેવાલા સુખ સુખસા દિખતા હૈ,

પરંતુ વહ સચ્ચા સુખ નહીં હૈ. વહ તો કર્મોંકા વિશેષ બંધ કરાનેવાલા હૈ તથા દુઃખોંકે દેનેમેં એક પંડિત હૈ અર્થાત્ મહાન દુઃખદાયક હૈ.

—શ્રી સારસમુચ્ચય

* હે જીવ! દેહનાં જન્મ–જરા–મરણ દેખીને તું ભય ન કર; પોતાના આત્મને તું અજર–અમર પરમ બ્રહ્મ જાણ. —શ્રી પાહુડદોહા

* પોતાના કોઈ સંબંધી પુરુષનું મૃત્યુ થતાં જે અજ્ઞાનવશ શોક કરે છે તેની પાસે ગુણની ગંધ પણ નથી. પરંતુ દોષ તેની પાસે ઘણાં છે—એ નક્કી છે. આ શોકથી તેનું દુઃખ અધિક વધે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થ નષ્ટ થાય છે. બુદ્ધિમાં વિપરીતતા આવે છે તથા પાપ ( અશાતાવેદનીય ) કર્મનો બંધ પણ થાય છે, રોગ ઉત્પન્ન થાય છે અને અંતે મરણ પામીને તે નરકાદિ દુર્ગતિ પામે છે. આ રીતે તેનું સંસાર-પરિભ્રમણ લાંબુ થઈ જાય છે.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* યદિ સૂર્યકી કિરણસમૂહમેં કદાચિત્ ઠંડકપના હો જાવે તથા ચંદ્રમામેં ગર્મી હો જાવે વ કદાચિત્ સુમેરુપર્વતમેં જંગમપના યા હલનચલનપના પ્રાપ્ત હો જાવે તો હો જાવે, પરંતુ કભી ભી દુઃખોંકી ખાન ઇસ ભયાનક સંસારકે ચક્રમેં ભ્રમણ કરતે હુએ પુરુષકો પ્રગટપને સુખ નહીં પ્રાપ્ત હો સકતા હૈ. —શ્રી તત્ત્વભાવના

* તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડયા પછી વચ્ચે કયાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુ-સ્થિતિમાં કયાં સુધી રહે? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત. તેથી હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યોને જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે, કારણ જીવન–સમય બહુ સાંકડો છે.

—શ્રી આત્માનુશાસન

* જિસ સંસારમેં પૃથ્વીકો ઉલટાનેમેં, આકાશમાર્ગસે ચંદ્ર સૂર્યકો ઉતાર ફેંકનેમેં, વાયુકો અચલ કરનેમેં, સમુદ્રકે જલકો પી ડાલનેમેં તથા પર્વતકો ચૂર્ણ કરનેમેં સમર્થ પુરુષ મૃત્યુકે મુખમેં

प्रवेश करते हो. वहां दूसरोंकी क्यां स्थिति है? ठीक है. जिस बिलमें वनोंके साथ पर्वत समा जाता है उसमें परमाणुका समा जाना कौन बडी बात है? —श्री सुभाषितरत्नसंदोह

* આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવામાં સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહીં એવી આકરી નરકની પીડા છે છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરા-હજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે. —દૃષ્ટિનાં નિધાન

* एक बार मिथ्याशास्त्रकी युक्ति भोले जीवोंके मनमें ऐसी प्रवेश हो जाती है कि फिर सेंकडो उत्तमोत्तम युक्तियें सुने तो भी वे चित्तमें प्रवेश नहीं करती है! अर्थात् ऐसा ही कोई संस्कारका निमित्त है कि वह मिथ्या आग्रह कभी दूर नहीं होता. —श्री ज्ञानार्णव

* મને ઇષ્ટ પદાર્થોનો વિયોગ ન થઈ જાય તથા અનિષ્ટ પદાર્થનો સંયોગ ન થઈ જાય એવા પ્રકારથી આ જન્મમાં આક્રંદ કરવાને આલોકભય કહે છે, તથા ન જાણે આ ધન સ્થિર રહેશે કે નહિ, દૈવયોગથી કદાચિત દારિદ્રતા પ્રાપ્ત ન થઈ જાય ઇત્યાદિ માનસિક વ્યથારૂપ ચિંતા મિથ્યાદૃષ્ટિઓને બાળવા માટે સદાય સળગતી જ રહે છે. —શ્રી પંચાધ્યાયી

* ધર્માત્મા પ્રાણીને ઝેરી સાપ હાર બની જાય છે, તરવાર સુંદર ફૂલોની માળા બની જાય છે. શત્રુ પ્રેમ કરવા માંડે છે અને દેવ પ્રસન્ન ચિત્ત થઈને આજ્ઞાકારી થઈ જાય છે. ઘણું શું કહેવું ? જેની પાસે ધર્મ હોય તેની ઉપર આકાશ પણ નિરંતર રત્નોની વર્ષા કરે છે.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* જીવ અને શરીર પાણી અને દૂધની જેમ મળેલાં છે તોપણ ભેગાં—એકરૂપ નથી, જુદાં જુદાં છે; તો પછી બહારમાં પ્રગટરૂપથી જુદાં દેખાય છે એવા લક્ષ્મી, મકાન, પુત્ર અને સ્ત્રી વગેરે મળીને એક કેમ હોઈ શકે ?

—શ્રી છહાળા

* જિસ પ્રકાર ચીંટી મિઠાઈકે ચારોં ઓર આકર ચિપક જાતી હૈ ઉસી પ્રકાર પરિવારજન ચારોં ઓરસે તુજસે લિપટ રહે હૈ ઔર તૂ ઉનમેં સુખ માન રહા હૈ યહી તેરા ભોલાપન હૈ, અજ્ઞાનતા હૈ.

—શ્રી બુધજન સતસઈ

* ઉસી એક જનમકે નાશ કરનેવાલે હલાહલ વિષકો ખા લેના અચ્છા હૈ પરંતુ અનંત જન્મોંમેં દુઃખ દેનેવાલે ભોગરૂપી વિષકો ભોગના ઠીક નહીં હૈ.

—શ્રી સારસમુચ્ચય

* તૃષ્ણાકી આગસે પીડિત મન અતિશય કરકે જલા કરતા હૈ. સંતોષરૂપી જલકે બિના ઉસ જલનકા શમન નહીં કિયા જા સકતા.

—શ્રી સારસમુચ્ચય

* પ્રત્યેક ક્ષણે જે આયુષ્યની હાનિ થઈ રહી છે એ યમરાજનું મુખ છે, તેમાં (યમરાજના મુખમાં) બધા જ પ્રાણી પહોંચે છે. અર્થાત્ બધા પ્રાણીઓનું મરણ અનિવાર્ય છે. છતાં એક પ્રાણી બીજા પ્રાણીનું મૃત્યુ થતાં શોક કેમ કરે છે ? અર્થાત જો બધા સંસારી પ્રાણીઓનું મરણ અવશ્ય થનાર છે, તો એકે બીજો મરતાં શોક કરવો ઉચિત નથી.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* પ્રેમ સમાન કોઈ બંધન નથી. વિષય સમાન કોઈ વિષ નથી ક્રોધ સમાન કોઈ શત્રુ નથી. જન્મ સમાન કોઈ દુઃખ નથી.

સૌથી મોટું વિષ વિષય છે, સૌથી મોટો શત્રુ ક્રોધ છે. સૌથી મોટું દુ:ખ જન્મ છે.
—શ્રી ચંદ્રપ્રભ ચરિત્ર

* પુત્ર, સ્ત્રી, આદિકા પ્યાર જૂઠા હૈ. સારા પરિવાર હી ઠગિયા સા જાન પડતા હૈ. ક્યોંકિ યે લોગ મીઠી વાણી બોલકર હમારા જ્ઞાનધન લૂટ લેતે હૈં. હમેં મોહમેં ડાલ દેતે હૈં. —શ્રી બુધજન સતસઈ

* બુદ્ધિમાન લોગ અપને ઇચ્છારૂપી રોગોંકા શમન કરતે હૈ, ઉનસે હટાકર અપની આત્માકો આત્મસ્વરૂપકી ઓર લગાતે હૈં, વહ હી પરમ તત્ત્વ હૈ. યહ બાત બ્રહ્મજ્ઞાની સંતોંને કહી હૈ.
—શ્રી સારસમુચ્ચય

* સંસારસે ઉત્પન્ન દુર્નિવાર આતંક (દાહરોગ)રૂપી મહાકાષ્ટસે પીડિત ઇસ જીવસમૂહકો દેખકર હી યોગીજન શાંતભાવકો પ્રાપ્ત હો ગયે. સંસારમેં જીવોંકો પ્રત્યક્ષ દુઃખી દેખકર જ્ઞાનીજન ક્યોં મોહિત હો ?
—શ્રી જ્ઞાનાર્ણવ

* હે જીવ! તૂ ઇસકો ગૃહવાસ મત જાન, યહ પાપકા નિવાસસ્થાન હૈ. યમરાજને અજ્ઞાની જીવોંકે બાંધનેકે લિયે યહ અનેક ફાંસોસે મંડિત બહુત મજબૂત બંદીખાના બનાયા હૈ, ઇસમેં સંદેહ નહીં હૈ.
—શ્રી પરમાત્મપ્રકાશ

* હે વત્સ! વિષય-કષાયોને છોડીને મનને આત્મામાં સ્થિર કર, એમ કરવાથી ચાર ગતિના ચૂરા કરીને તું અતુલ પરમાત્મપદને પામીશ.
—શ્રી પાહુડદોહા

* હે મૂઢ પ્રાણી! યહ પ્રત્યક્ષ અનુભવ હોતા હૈ કિ ઇસ સંસારમેં જો વસ્તુઓંકા સમૂહ હૈ સો પર્યાયોંસે ક્ષણક્ષણમેં નાશ હોનેવાલા હૈ. ઇસ બાતકો તૂ જાનકર ભી અજાન હો રહા હૈ, યહ તેરા ક્યા આગ્રહ હૈ? ક્યા તુજ પર કોઈ પિશાચ ચઢ ગયા હૈ કિ જિસકી ઔષધિ હી નહીં હૈ?
—શ્રી જ્ઞાનાર્ણવ

* વાસ્તવિક તો એ છે કે જેના યોગે રોગ ઉત્પન્ન થાય છે વા થવાની કાયમ શંકા બની રહે છે તેનો તું નિર્મૂળ નાશ કર!

શરીરથી રોગ ઉત્પન્ન થાય છે અને તે દુઃખે નિરંતર દુઃખી રહેવું પડે છે, તો હવે કંઈક એવું કર કે જેથી એ શરીર જ ફરી ઉત્પન્ન ન થાય. સુગમપણે અને નિર્દોષ ઔષધિથી રોગ દૂર થયો તો ઠીક, નહીં તો શરીર છૂટવા જેવા અણીના પ્રસંગે પણ સમ્યક્ સામ્યભાવને અનુસરવું એ પણ રોગનો સર્વથી પ્રબળ પ્રતિકાર જ છે—એમ તું સમજ.

—શ્રી આત્માનુશાસન

* જેમ દુર્જન પ્રત્યે કરેલા ઉપકાર નકામાં જાય છે તેમ હે જીવ! તું આ શરીરને નવરાવીને તેલ મર્દન કર અને તેને સુમિષ્ટ આહાર દે તે બધુંય નિરર્થક જવાનું છે અર્થાત્ આ શરીર તારા ઉપર કંઈ ઉપકાર કરવાનું નથી માટે તું એની મમતા છોડ. —શ્રી પાહુડદોહા

* હું નિરોગી બની જાઉં. મને કદી પણ વેદના ન થાઓ એવા પ્રકારની મૂર્ચ્છા જ—મમત્વ જ અથવા વારંવાર ચિંતવન કરવું તે વેદનાભય કહેવાય છે.

—શ્રી પંચાધ્યાયી

* મિથ્યાદષ્ટિજીવ શરીરના ઉત્પન્ન થવાથી પોતાનો આત્મા ઉત્પન્ન થયો એમ માને છે અને શરીરનો નાશ થવાથી આત્માનો નાશ અથવા મરણ થયું એમ માને છે. રાગ, દ્વેષ, મોહ વગેરે સ્પષ્ટરૂપે દુઃખ આપવાવાળા છે છતાં તેને સેવતો થકો સુખ માને છે. —શ્રી છહાળા

* જિસ શરીરકો છોડકર જાના પડેગા વહ શરીર અપના કૈસે હો સકતા હૈ ઐસા વિચાર કર ભેદવિજ્ઞાની પંડિત શરીરસે ભી ઉસ મમત્વભાવકો છોડ દેતે હૈં.

—શ્રી સારસમુચ્ચય

* જો સૌથી પ્રથમ સંસારના ભયથી મોક્ષસુખમાં દઢ રુચિ ઉત્પન્ન થાય છે તો તે ( મોક્ષસુખની ) પ્રાપ્તિનો સહેલો ઉપાય છે.

—શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી

* જીવનકે ક્ષણભંગુર હોનેસે હી સંસારકી સુખદાયક વસ્તુઓંકા કોઈ મૂલ્ય નહીં હૈ. ઇસીસે ઇન્હેં ત્યાજ્ય કહા હૈ. યદિ ચંચલ નેત્રવાલી યુવતિયોંકે યૌવન ન ઢલતા હોતા, યદિ રાજાઓંકી વિભૂતિ બિજલીકે સમાન ચંચલ ન હોતી, અથવા યદિ યહ જીવનવાયુસે ઉત્પન્ન હુઈ

લહરોંકે સમાન ચંચલ ન હોતા તબ કૌન ઇસ સાંસારિક સુખસે વિમુખ હોકર જિનેન્દ્રકે દ્વારા ઉપદિષ્ટ તપશ્ચરણ કરતા! —શ્રી સુભાષિતરત્નસંદોહ

* અરિહંતદેવકી પ્રતિમાકા સ્થાન જિનાલય, શ્રી જિનેન્દ્રદેવ (જિન-પ્રતિમા), જૈનશાસ્ત્ર, દીક્ષા દેનેવાલે ગુરુ, સંસારસાગરસે તૈરનેકે કારણ પરમ તપસ્વીયોંકે સ્થાન સમ્મેદ્રશિખર આદિ, દ્વાદશાંગરૂપ સિદ્ધાંત, ગદ્ય-પદ્યરૂપ રચના ઇત્યાદિ જો વસ્તુ અચ્છી યા બુરી દીખનેમેં આતી હૈં વે સબ કાલરૂપી અગ્નિકા ઇંધન હો જાવેગી. —શ્રી પરમાત્મપ્રકાશ

* યદિ યહ શરીર બાહિર કે ચમડેસે ઢકા હુઆ નહિ હોતા તો મક્ખી કૃમિ તથા કૌઅેસે રક્ષા કરનેમેં કોઇ સમર્થ નહીં હોતા ઐસે ઘૃણાસ્પદ શરીરકો દેખકર સત્પુરુષ જબ દૂરહીસે છોડ દેતે હૈં તબ ઇસકી રક્ષા કૌન કરે? —શ્રી જ્ઞાનાર્ણવ

* જેવી રીતે પક્ષીઓ રાત્રે કોઈ એક વૃક્ષ ઉપર નિવાસ કરે છે અને પછી સવાર થતાં તેઓ સહસા સર્વ દિશાઓમાં ચાલ્યા જાય છે. ખેદ છે કે તેવી જ રીતે મનુષ્ય પણ કોઈ એક કુળમાં સ્થિત રહીને પછી મૃત્યુ પામીને અન્ય કુળનો આશ્રય કરે છે. તેથી વિદ્વાન મનુષ્ય તેને માટે કાંઈ પણ શોક કરતા નથી. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* આ લોકના મનુષ્યો સંપૂર્ણ પાપના ઉદયથી અશાતાવેદનીય નીચ ગોત્ર અને અશુભ નામ-આયુ આદિ દુષ્કર્મના વશથી એવા દુઃખો સહન કરે છે તોપણ પાછા પાપ જ કરે છે, પણ પૂજા-દાન-વ્રત-તપ અને ધ્યાનાદિ છે લક્ષણ જેનું એવા પુણ્યને ઉપજાવતા નથી એ મોટું અજ્ઞાન છે. —શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા

* તીવ્ર રોગ ઔર કઠોર દુઃખરૂપી વૃક્ષોંસે ભરે સંસારરૂપી ભયાનક વનમેં વૃદ્ધાવસ્થારૂપી શિકારીસે ડરકર મૃત્યુરૂપી વ્યાઘ્રકે ભયાનક મુખમેં ચલે ગયે પ્રાણીકો તીનો લોકમેં કૌન બચા સકતા હૈ? ઉસે યદિ બચા સકતા હૈ તો જન્મ-જરા-મરણકા વિનાશ કરનેવાલા જિનભગવાનકે દ્વારા ઉપદિષ્ટ ધર્મામૃત હી બચા સકતા હૈ. ઉસે છોડ અન્ય કોઈ નહીં બચા સકતા. —શ્રી સુભાષિતરત્નસંદોહ

* મારું મરણ નથી તો મને ડર કોનો ? મને વ્યાધિ નથી તો મને પીડા કેવી ? હું બાળક નથી, હું યુવાન નથી. એ સર્વ અવસ્થાઓ પુદ્‌ગલની છે.

—શ્રી ઇષ્ટ-ઉપદેશ

* જે સંસારમાં દેવોના ઇન્દ્રોનો પણ વિનાશ જોવામાં આવે છે; જ્યાં હરિ અર્થાત્ નારાયણ, હર અર્થાત્ રૂદ્ર અને વિધાતા અર્થાત્ બ્રહ્મા તથા આદિ શબ્દથી મોટા મોટા પદવી ધારક સર્વ કાળવડે કોળીઆ બની ગયા તે સંસારમાં શું શરણરૂપ છે ?

—શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા

* સંસારમેં જિસકા ચિત્ત આસક્ત હૈ, અપના રૂપકૂં જે જાનૈ નહીં તિનકે મૃત્યુ હોના ભયકે અર્થિ હૈ. ઔર નિજસ્વરૂપકે જ્ઞાતા હૈં અર સંસારતૈં વિરાગી હૈં તિનકે મૃત્યુ હૈ સો હર્ષકે અર્થિ હી હૈ.

—મૃત્યુમહોત્સવ

* જે પોતાને સુખી કરે તે જ મિત્ર છે અને જે દુઃખી કરે તે શત્રુ એમ આબાલ-વૃદ્ધ સૌ કોઈ સમજે છે. મિત્ર થઈને પોતાને દુઃખી કરવા ( જે ) મર્યા તે તો શત્રુવત્ ઠર્યા, તેમનો મરવાનો શોચ શો કરવો ?

—શ્રી આત્માનુશાસન

* દેવના ઇન્દ્ર, અસુરના ઇન્દ્ર અને ખગેન્દ્ર જે જે છે તે તે બધાનો જેમ હરણને સિંહ મારી નાખે છે તેમ મૃત્યુ નાશ કરે છે. ચિંતામણિ વગેરે મણિરત્નો, મોટા મોટા રક્ષામંત્ર, તંત્ર ઘણા હોવા છતાં મરણથી તે કોઈ બચાવી શકતું નથી.

—શ્રી છઢાળા

* તિર્યંચગતિમેં છેદન–ભેદનકે દ્વારા જો દુઃખ ઉઠાયે હૈં ઉનકો કોઈ મનુષ્ય કરોડો જિહ્વાઓંકે દ્વારા ભી કહનેકો સમર્થ નહીં હૈં.

—શ્રી સારસમુચ્ચય

* સંસારકી સમસ્ત વસ્તુયેં દેખ લી. ઉનમેં પ્રેમ કરને યા આસક્તિ કરને યોગ્ય કોઈ ભી વસ્તુ નહીં હૈં. સૂર્યકા ઉદય હોના ઔર અસ્ત હોના જૈસા પ્રગટ દિખાઈ દેતા હૈ વૈસે હી સમસ્ત વસ્તુયેં અપને ઢંગસે આતી–જાતી રહતી હૈં.

—શ્રી બુધજન સતસઈ

* ઇસ લોકમેં ગૃહ, ચંદ્ર, સૂર્ય, તારે તથા છહ ઋતુ આદિ સબ

હી જાતે ઔર આતે હૈં અર્થાત્ નિરંતર ગમન આગમન કરતે રહતે હૈં. પરંતુ જીવોંકે ગયે હુએ શરીર સ્વપ્નમેં ભી કભી લૌટકર નહિ આતે. યહ પ્રાણી વૃથા ઇનસે પ્રીતિ કરતા હે. —શ્રી જ્ઞાનાર્ણવ

* મનુષ્ય મરણ પામેલાં જીવોના વિષયમાં સાંભળે છે તથા વર્તમાનમાં તે મરણ પામનાર ઘણા જીવોને સ્વયં દેખે પણ છે; તોપણ તે કેવળ મોહના કારણે પોતાને અતિશય સ્થિર માને છે. તેથી વૃદ્ધત્વને પ્રાપ્ત થવા છતાં પણ તે ઘણું કરીને ધર્મની અભિલાષા કરતો નથી અને તેથી જ પોતાને નિરંતર પુત્રાદિરૂપ બંધનોથી અત્યંતપણે બાંધે છે.

— શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* હે ભવ્ય ! યદિ તુજે અપના અપકાર કરનેવાલેકે ઉપર ક્રોધ આતા હૈ તો તૂ ઇસ ક્રોધકે ઉપર હી ક્રોધ ક્યોં નહીં કરતા ? કારણ કિ વહ તો તેરા સબસે અધિક અપકાર કરનેવાલા હૈ. વહ તેરે ધર્મ અર્થ ઔર કામરૂપ ત્રિવર્ગકો મોક્ષ પુરુષાર્થકો ઔર યહાં તક કિ તેરે જીવિતકો ભી નષ્ટ કરનેવાલા હૈ. ફિર ભલા ઇસસે અધિક અપકારી ઔર દૂસરા કૌન હો સકતા હૈ ? કોઈ નહીં. —શ્રી સુભાષિતરત્નસંદોહ

* જેમ કોઈ પુરુષ તપેલાં લોખંડના ગોળાવડે પરને ઇજા કરવા ઇચ્છતો થકો પ્રથમ તો પોતે પોતાને જ ઈજા કરે છે (–પોતે પોતાના જ હાથને બાળે છે), પછી પરને તો ઇજા થાય કે ન થાય—નિયમ નથી. તેમ જીવ તપેલાં લોખંડના ગોળા સમાન મોહાદિ પરિણામે પરિણમતો થકો પ્રથમ તો નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપ નિજ શુદ્ધ ભાવપ્રાણને જ ઈજા કરે છે, પછી પરના દ્રવ્યપ્રાણોને ઈજા થાય કે ન થાય—નિયમ નથી. —શ્રી પ્રવચનસાર-ટીકા

* જે શરીર દુષ્ટ આચરણથી ઉપાર્જિત કર્મરૂપી કારીગર દ્વારા રચવામાં આવ્યું છે, જેના સાંધા અને બંધનો નિંદ્ય છે, જેની સ્થિતિ વિનાશ સહિત છે અર્થાત જે વિનશ્વર છે, જે રોગાદિ દોષો, સાત ધાતુઓ અને મળથી પરિપૂર્ણ છે, અને જે નષ્ટ થવાનું છે, તેની સાથે જો આધિ ( માનસિક ચિંતા ), રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ આદિ

રહેતા હોય તો એમાં કોઈ આશ્ચર્ય નથી. પરંતુ આશ્ચર્ય તો કેવળ એમાં છે કે વિદ્વાન મનુષ્ય પણ તે શરીરમાં સ્થિરતા શોધે છે.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* કોઈ અતિ નિંદ્રાવશ મનુષ્યને તેના મર્મસ્થાન ઉપર મુદગરની ચોટ મારે, અથવા અગ્નિના આતાપથી દેહને જરા ઉષ્ણતા લાગે, અથવા કયાંય વાજિંત્રોના અવાજ સાંભળે તો તે તુરત જાગૃત થઈ જાય છે. પરંતુ અવિવેકી જીવને તો પાપકર્મફળના ઉપરા ઉપરી ઉદયરૂપ મુદગરના માર મર્મસ્થાન ઉપર પડયા કરે છે, મહાદુઃખરૂપ ત્રિવિધ તાપથી તેનો દેહ નિરંતર બળી રહ્યો છે અને આજ આ મર્યો, કાલ આ મર્યો, ફલાણો આમ મર્યો અને ફલાણો તેમ મર્યો. એવા યમરાજના વાજિંત્રોના ભયંકર શબ્દો વારંવાર સાંભળે છે, છતાં એ મહા અકલ્યાણકારક અનાદિ મોહનિંદ્રાને જરાય વેગળી કરી શકતો નથી, એ પરમ આશ્ચર્ય છે.

—શ્રી આત્માનુશાસન

* બીજાના દુઃખો સાંભળીને ઘણી વખત સાંભળનારાઓને અરેરાટી થઈ જાય છે પણ તે અરેરાટ (વૈરાગ્ય) સાચો નથી. જીવને દુઃખ અપ્રિય છે એટલે દુઃખની વાત સાંભળવામાં ઉદાસીન ભાવ આવી જાય છે, પણ આ ઉપરથી એમ ન સમજવું કે તેને સંસારથી ખરો અરેરાટ થયો છે. તેને તો ચક્રવર્તીની ઋદ્ધિ સાંભળી હર્ષ થાય છે. સંસારથી સાચા વિરક્તભાવવાળાને તો ચક્રવર્તીની ઋદ્ધિનું વર્ણન કે નારકીના દુઃખનું વર્ણન બંનેમાં સંસારનું દુઃખ સરખું જ લાગે છે. બંને તરફ સરખો જ ઉદાસીન ભાવ હોય છે.

—દ્રષ્ટિનાં નિધાન

* હે આત્મન્! ઇસ સંસારમેં સંગ કહિયે ધન–ધાન્ય સ્ત્રી–કુટુંબાદિક મિલાપરૂપ જો પરિગ્રહ હૈ વે કયા તુજે વિષાદરૂપ નહીં કરતે હૈ? તથા યહ શરીર હૈ, સો કયા રોગોંકે દ્વારા છિન્નરૂપ વા પીડિત નહિ કિયા જાતા હૈ? તથા મૃત્યુ કયા તુજે પ્રતિદિન ગ્રસને કે લિયે મુખ નહિ ફાડતી હૈ? ઔર આપદાયેં કયાં તુજસે દ્રોહ નહિ કરતી હૈં? કયા તુજે નરક ભયાનક નહિ દીખતે? ઔર યે ભોગ હૈં સો કયા સ્વપ્નકે સમાન તુજે ઠગનેવાલે (ધોખા દેનેવાલે) નહીં હૈં? જિસસે કિ

તેરે ઇન્દ્રજાલસે રચે હુએ કિન્નરપુર કે સમાન ઇસ અસાર સંસારમેં ઇચ્છા બની હુઈ હૈ ?

—શ્રી જ્ઞાનાર્ણવ

* અપને દુષ્ટ અશુભ ભાવોંસે જો કર્મ પહલે બાંધા જા ચુકા હૈ ઉસકે ઉદય આને પર કૌન બુદ્ધિમાન દૂસરોં પર ક્રોધ કરેગા ?

—શ્રી સારસમુચ્ચય

* પરકૃત નિંદા અપમાન અને તિરસ્કાર દર્શાવનારા વચનો નહીં સહન થવાથી તે નહીં સાંભળવા ઇચ્છતા એવા તારા કાન સાંભળવાની શક્તિથી રહિત થયા, તારી આ નિંદ્ય પરવશ દશા પ્રત્યક્ષ જોવા તારા નેત્ર અસમર્થ અર્થાત અંધ દશાને પામ્યા, તને અત્યંત પ્રિય એવું તારું શરીર પણ જાણે સન્મુખ આવી રહેલાં કાળના ભયથી થર થર કાંપે છે—એમ જરાથી કેવળ જીર્ણ થઈ રહેલાં અને અગ્નિથી બળી રહેલાં ઘર સમાન આ મનુષ્યશરીરમાં હે જીવ ! તું શું નિશ્ચળ થઈ બેઠો છે ?

—શ્રી આત્માનુશાસન

* જિસ ઘરમેં પ્રભાતકે સમય આનંદોત્સાહકે સાથ સુંદર સુંદર માંગલિક ગીત ગાયે જાતે હૈં, મધ્યાહ્નકે સમય ઉસી હી ઘરમેં દુઃખકે સાથ રોના સુના જાતા હૈ પ્રભાતકે સમય જિસકે રાજ્યાભિષેકકી શોભા દેખી જાતી હૈ ઉસી દિન ઉસ રાજાકી ચિતાકા ધૂઆં દેખનેમેં આતા હૈ. યહ સંસારકી વિચિત્રતા હૈ.

—શ્રી જ્ઞાનાર્ણવ

* જીવના પોતાના ઉપાર્જન કરેલાં કર્મ સિવાય કોઈ પણ, કોઈને પણ કાંઈ પણ આપતું નથી એમ વિચારી, અન્ય આપે છે એવી બુદ્ધિ છોડી, આત્મા વડે પોતાનું અનન્યપણું વિચારવું.

—સામાયિક પાઠ

* આ મારું અનિષ્ટ અથવા ઇષ્ટ ચિંતન કરે છે. એ બુદ્ધિ–વિચાર નિરર્થક છે. ( કેમકે ) બીજાની ચિંતાથી બીજો પીડિત કે પાલિત થતો નથી.

—શ્રી યોગસારપ્રાભૃત

* પરમાર્થકે સાધે બિના મૂર્ખજન અપને જીવનકો નષ્ટ કર દેતે હૈં જૈસે પતંગ ઉડાનેવાલા કેવલ સમય નષ્ટ કરતા હૈ, કમાઈ કુછ ભી નહીં કરતા.

—શ્રી બુધજન–સતસઈ

* જેના રાગે જીવ અનાદિકાળથી સંસારી બની અનંત દુઃખને અનુભવી રહ્યો છે તથા જેના આત્યંતિક ક્ષયથી અનંત સંસારદુઃખોથી મુક્ત થવાય છે એવો કોઈ મુખ્ય પદાર્થ હોય તો માત્ર શરીર જ છે, તો હવે એ શરીરને એક વખત એવું છોડવું જોઈએ કે જેથી ફરીને ઉત્પન્ન જ થાય નહિ. બાકી બીજી નાની નાની નહિ જેવી ક્ષુદ્ર વાતો તરફ એકાંત ધ્યાન આપવાથી શું સિદ્ધિ છે? —શ્રી આત્માનુશાસન

* કેટલાય મનુષ્યો સદા મહાન શાસ્ત્રસમૂહમાં પરિભ્રમણ કરતાં છતાં પણ, અર્થાત્ અનેક શાસ્ત્રોનું પરિશીલન કરતાં હોવા છતાં તે ઉત્કૃષ્ટ આત્મતત્ત્વને લાકડામાં શક્તિરૂપે વિદ્યમાન અગ્નિ સમાન જાણતા નથી.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* જો કોઈ જીવ અપશબ્દોનો પ્રયોગ કરે છે તો વિવેકી સાધુ એમ વિચારે છે કે આ મનુષ્યે મને ક્રોધથી માત્ર ગાળ જ આપી છે, માર્યો તો નથી. જો તે મારવા લાગી જાય તો તે સાધુ આમ વિચારે છે કે તેણે મને માત્ર માર્યો જ છે, પ્રાણોનો નાશ તો નથી કર્યો. પરંતુ જો તે પ્રાણોનો નાશ કરવામાં ઉદ્યત થઈ જાય તો તેઓ એમ વિચારે છે કે આણે ક્રોધને વશીભૂત થઈને માત્ર મારા પ્રાણોનો નાશ કર્યો છે પરંતુ મારા પ્રિય ધર્મનો નાશ નથી કર્યો; માટે મારે આ બિચારા અજ્ઞાની પ્રાણી ઉપર ક્રોધ કરવો ઉચિત નથી કારણ કે ક્રોધ ધર્મનો નાશ કરે છે અને પાપનો સંચય કરે છે એમ સમજી બુદ્ધિમાન સાધુ ક્ષમા જ કરે છે.

—શ્રી સુભાષિતરત્નસંદોહ

* જ્યાં પ્રાણી વારંવાર અનેક પ્રકારની અવસ્થાઓરૂપ વેશોની ભિન્નતાથી નટસમાન આચરણ કરે છે એવા તે સંસારમાં જો ઇષ્ટનો સંયોગ થાય છે તો વિયોગ તેનો અવશ્ય થવો જોઈએ; જો જન્મ છે તો મૃત્યુ પણ અવશ્ય હોવું જોઈએ; જો સંપત્તિ છે તો વિપત્તિ પણ અવશ્ય હોવી જોઈએ તથા જો સુખ છે તો દુઃખ પણ અવશ્ય હોવું જોઈએ. તેથી સજ્જન મનુષ્યે ઇષ્ટ સંયોગાદિ થતાં હર્ષ અને ઇષ્ટ વિયોગાદિ થતાં શોક પણ ન કરવો જોઈએ. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

* હે મિત્ર ! તું પર વસ્તુની અભિલાષારૂપ અતિ વેગવાન નદીનો વહેવરાવ્યો અનાદિકાળથી અનેક જન્મ ધરતો ધરતો અતિ દૂરથી અહીં સુધી આવ્યો છે એ શું તું નથી જાણતો? એ આશારૂપ મહાનદી એટલી અથાહ, ગંભીર અને વેગમાન છે કે તે અન્ય કોઈ પણ ઉપાયથી દુર્લંઘ્ય છે. માત્ર એક આત્મબોધ વડે જ તું તેને તરી શકે એમ છે.

—શ્રી આત્માનુશાસન

* જેમ મુઠ્ઠી વડે આકાશ ઉપર પ્રહાર કરવો નિરર્થક છે, જેમ ચોખાને માટે ફોતરાને ખાંડવા નિરર્થક છે, જેમ તેલને માટે રેતીને પીલવી તે નિરર્થક છે, જેમ ઘી માટે જળને વલોવવું તે નિરર્થક છે, કેવળ મહાન ખેદનું કારણ છે. તેમ અશાતાવેદનીયાદિ અશુભ કર્મનો ઉદય આવતાં વિલાપ કરવો, રડવું, ક્લેષિત થવું, દીન વચનો બોલવા નિરર્થક છે—દુઃખ મટાડવાને સમર્થ નથી, પરંતુ વર્તમાનમાં દુઃખ વધારે છે અને ભવિષ્યમાં તિર્યંચગતિ તથા નરક–નિગોદના કારણભૂત તીવ્ર કર્મ બાંધે છે જે અનંતકાળમાં પણ છૂટતાં નથી.

—શ્રી ભગવતીઆરાધના

* (દિનપ્રતિદિન બનતાં દેહવિલયનાં ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યા શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડોકટર લાવ પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે? ત્યાં કોણ તારા ભાવ પૂછનાર હશે? તો અહીં, લોકો આમ કહેશે ને સમાજ આમ કહેશે ને સમાજ તેમ કહેશે—એવી મોહની ભ્રમજાળમાં ગૂંચવાઈને તારા આત્માને શા માટે ગૂંગળાવી રહ્યો છે?

—દૃષ્ટિનાં નિધાન

[તા. ૧૦-૬-૯૮]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

વિશિષ્ટ–ઉપકારી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન જેઓશ્રીના ઉપકાર–બહુમાનના ગુણગાન કરતાં અનેકવિધ વિશિષ્ટતાઓનું વર્ણન કરતાં કરતાં વારંવાર કહેતાં કે "પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ છે," "શાસ્ત્રના ગહન ભાવો ખોલવાની ગજબ શક્તિ છે" વિગેરે વિગેરે.....તે પરમ–પરમ–ઉપકારી ભવોદધિતારણહાર કલ્યાણસ્વરૂપ કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૦૯મો જન્મજયંતી–મંગલ–મહોત્સવ તા. ૨૪-૪-૯૮ થી તા. ૨૮-૪-૯૮ સુધી, શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી પરિવાર હસ્તે શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મોદીના ગુરુભક્તિપૂર્ણ સૌજન્યથી ૩૦૦૦ થી વધુ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં આનંદોલ્લાસપૂર્વક સુવર્ણપુરીમાં ઉજવાયો હતો.

આ મંગલ જન્મોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની ઓડિયો તત્ત્વચર્ચા, શ્રી પરમાગમમંદિરમાં શ્રી રત્નત્રયમંડલવિધાનપૂજા, સુશોભિત મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી પદ્મનંદિ પંચવિશંતિ–શ્રાવકાચાર અધિકાર ઉપર ટેપપ્રવચન, આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ સાથે સમૂહગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણ શિબિર, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા 'ગુરુદેવશ્રીનાં વચનામૃત', શ્રી સમયસાર આદિ ઉપર શાસ્ત્રપ્રવચન, પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનાં 'શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર' ઉપર ટેપ–પ્રવચન, સાંજી અથવા તીર્થયાત્રાની વિડિયો દ્વારા ગુરુદર્શન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા અને સાંસ્કૃતિક કાર્યક્રમ—એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમ ચાલતો હતો.

મંગલ ગુરુજન્મોત્સવના આનંદોપલક્ષમાં તા. ૨૭-૪-૯૮ના રોજ બપોરે ધાતકી વિદેહના ભાવિ–તીર્થંકરદેવના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણરજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત મનોહર ગંધકૂટી પર સછત્ર સિંહાસન પર બિરાજમાન આપણા ભાવિ ભગવાનનો 'સમવસરણ વિહાર' બધા ભક્તોને અત્યંત આનંદદાયી અનુભૂત થતો હતો. આ ભવ્ય રથોત્સવમાં વિવિધ ભવ્ય શણગાર સહિત કહાન–કુંવરના પારણા ઝૂલનનો એક મનોહર ફ્લોટ—બધાનું ગુરુમહિમાયુક્તચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું. આ ભવ્ય રથયાત્રાના દર્શન માટે સોનગઢની જનતા પણ જ્યાએ જ્યાએ એકત્રિત થઈ હતી. ઘાટકોપર, વઢવાણ તથા મલાડ—ત્રણેય ભજનમંડળીએ રથોત્સવમાં ગુરુભક્તિનું આનંદમય વાતાવરણ બનાવી દીધુ હતું.

ગુરુજન્મોત્સવના આ મંગળ અવસરે સર્વશ્રી ડૉ. પ્રવિણભાઈ દોશી (રાજકોટ), વ્રજલાલભાઈ શાહ, હિંમતભાઈ ડગલી (વિંછીયા), સુભાષભાઈ શેઠ અને શ્રી નિરંજનભાઈ ટેલીવાળા (સૂરત)એ ગુરુભક્તિભીના હૃદયે સુંદર શાસ્ત્રપ્રવચન કર્યા હતા. યુવકમંડળ દ્વારા આયોજિત ત્રણ દિવસીય શિક્ષણ શિબિરમાં સર્વશ્રી ડૉ. પ્રવિણભાઈ દોશી, બ્ર. વ્રજલાલભાઈ શાહ, રાજુભાઈ કામદાર તેમ જ સુભાષભાઈ શેઠે સુંદર શૈલીથી શિક્ષણ આપ્યું હતું.

ગુરુજન્મજયંતિના મંગલ દિવસે, પરમ પૂજ્ય ભગવત્ કુંદકુંદાચાર્યદેવના પૂર્વભવમાં— ગોવાળીયાના ભવમાં, ભયંકર દાવાનળથી બળી રહેલ વનમાં એક ઘેઘુર વૃક્ષ બળ્યા વિનાનું દેખીને, ગોવાળને આશ્ચર્ય થતાં તપાસ કરતાં જાણવા મળે છે કે વૃક્ષની કોટરમાં કેટલાક શાસ્ત્રો પડ્યા છે જે અતિ પવિત્ર વસ્તુ હોવી જોઈએ જેથી આ વૃક્ષ બળ્યું નથી. આમ વિચારી ગોવાળ તે શાસ્ત્રો લઈ જઈને પોતાના માલિકને બતાવે છે. શાસ્ત્રો દેખતાં જ શેઠ કહે છે કે અરે! આ તો મહાપવિત્ર જૈન શાસ્ત્રો છે, તે મુનિરાજને વાંચવાયોગ્ય પવિત્ર વસ્તુ છે. માટે તું તારા હાથે જ મુનિરાજને આ શાસ્ત્રો–જ્ઞાનદાન અર્પણ કર. ભદ્ર ગોવાળ મુનિરાજને શોધીને અતિ ભક્તિવશ શાસ્ત્રદાન–જ્ઞાનદાન આપે છે. અત્યંત વિશુદ્ધ પરિણામના કારણે તે ગોવાળ મરીને ભગવત્ કુંદકુંદાચાર્ય બને છે. તે ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત પરમાગમ શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર આદિ પાંચ પરમાગમો આપણાં તારણહાર કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીને પ્રાપ્ત થાય છે. આ વિગતના દૃશ્યયુક્ત અતિ ભવ્ય સુશોભનથી વિભૂષિત પ્રવચન–મંચ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ મનોહર સ્ટેચ્યું સમક્ષ ક્રમશઃ સવારે દર્શન તેમ જ સદ્ગુરુસ્તુતિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીનું વિડિયો દ્વારા માંગલિક, રત્નત્રયમંડલવિધાનપૂજાનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન અને ત્યારબાદ—

ટ્રસ્ટ દ્વારા નવપ્રકાશિત 'પંચ પરમાગમના મધુરા ઉપોદ્ઘાત' ભવ્ય ગ્રન્થની, આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ શાહની શ્રુતભક્તિભીની ઉપસ્થિતિમાં, ટ્રસ્ટીઓના શુભહસ્તથી વિમોચનવિધિ, સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય ભગવતી માતા તેમ જ પંચ પરમાગમના મધુરા ઉપોદ્ઘાતના લેખક આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ જે. શાહને આ નવા પ્રકાશનની ટ્રસ્ટીઓ દ્વારા અર્પણ વિધિ, પૂજ્ય બહેનશ્રી દ્વારા પૂર્વમાં કરેલી જન્મ-વધાઈની વિડિયો, ત્યારબાદ આદરણીય પંડિતજી, જન્મોત્સવના આયોજક મોદી-પરિવાર તથા મુમુક્ષુસમાજ દ્વારા મસ્તક પર 'પંચ પરમાગમનો પટારો' લઈને પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યૂ સમક્ષ ગુરુ–જન્મવધાઈ; બપોરે શાસ્ત્રપ્રવચન, ગુરુભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે જિનેન્દ્ર–આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો–ધર્મચર્ચા અને તીર્થયાત્રાની વિડિયો—એ રીતે વૈશાખ સુદ બીજનો ઉત્સાહપૂર્ણ કાર્યક્રમ રહ્યો હતો.

આ માંગલિક મહોત્સવ નિમિત્તે ૫૦ મહાનુભાવો તરફથી કાયમી મંડલવિધાનપૂજા તથા ૩ મહાનુભાવો તરફથી પ્રાસંગિક મંડલ વિધાન પૂજા રાખવામાં આવી હતી.

મંગલ ગુરુજન્મોત્સવના અવસર પર પાંચ દિવસ સમાગત મહેમાનોને માટે બંને ટાઈમનું તેમ જ સ્થાનિક મુમુક્ષુસમાજ માટે સવારનું 'સ્વામીવાત્સલ્ય' ભોજન જન્મોત્સવના આયોજક મોદી-પરિવાર ઉપરાંત ૬ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

ધાર્મિક સાહિત્યમાં ૫૦% ડિસ્કાઉન્ટ ૨ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

ગુરુ–જન્મોત્સવના આ મંગલ અવસર પર સંસ્થાને જુદા જુદા ખાતાઓમાં કુલ રૂા. ૬,૪૬,૪૭૭=૦૦ની દાનરાશિ નીચે પ્રમાણે પ્રાપ્ત થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | પ્રસંગ—આયોજન | ૧,૫૧,૦૦૦=૦૦ |
| ૨. | પ્રાસંગિક મંડલવિધાન | ૩,૦૦૩,=૦૦ |
| ૩. | રુ. '૫૦૧'ની વધાઈના ૫૦૧×૩૫૪ | ૧,૭૭,૩૫૪=૦૦ |
| ૪. | રુ. '૧૦૦૧'ની વધાઈના ૧૦૦૧×૨૬ | ૨૬,૦૨૬=૦૦ |
| ૫. | રથયાત્રાની બોલી | ૯૪,૬૧૦=૦૦ |
| ૬. | રથયાત્રા—પારણાઝૂલન | ૧૧,૪૧૧=૦૦ |
| ૭. | જન્મવધાઈ—સ્ટેજ | ૩૨,૨૯૭=૦૦ |
| ૮. | ૧૦૯×૧૦૬૦ | ૧,૧૫,૫૪૦=૦૦ |
| ૯. | આરતી | ૫,૨૦૨=૦૦ |
| ૧૦. | કાયમી મંડલવિધાન ખાતે | ૩૦,૦૦૩=૦૦ |
| | | ૬,૪૬,૪૪૭=૦૦ |

*

❀ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આઠમી સાંવત્સરિક સમાધિતિથિ તા. ૧૦-૫-૯૮ થી તા. ૧૪-૫-૯૮ (વૈશાખ વદ—૩)—પાંચ દિવસ ધાર્મિક કાર્યક્રમના રૂપમાં, તેઓશ્રીના જ્ઞાન-વૈરાગ્ય-સ્વરૂપસાધના તેમ જ ઉપકારોના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીન વાતાવરણમાં સાદગીથી સંપન્ન થઈ. બહારગામના મુમુક્ષુમહેમાનોની ઉપસ્થિતિના કારણે આ પ્રસંગે આયોજિત શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાન પૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી જિનમંદિર પુરું ભરાઈ જતું હતું. સવાર—સાંજ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન ઉપરાંત બપોરે પાંચે દિવસ 'બહેનશ્રીની સાધના અને વાણી' ગ્રંથ ઉપર શાસ્ત્રવાંચન થયા હતા. તે વખતે બહેનશ્રી દ્વારા લઘુવયમાં કરવામાં આવેલી સાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તેમ જ ભવાબ્ધિતારિણી 'અનુભવીની અમૃતવાણી' વગેરે સાંભળતાં, તેમ જ ઉપકાર—સ્મરણથી ભક્તોના હૃદય વિરહવેદનાથી દ્રવિત થઈ જતા હતા. સમાધિતિથિ (વૈશાખ વદ—૩)ના રોજ શ્રીપંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજાના સમાપન બાદ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને સમૂહદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તે સમયે પણ તેઓની ઉપકારસ્મૃતિ તીવ્રતાથી જાગી ઉઠતા અનેકના હૃદય દ્રવિત અને નેત્ર અશ્રુભીના થઈ ગયા હતા.

## * તત્ત્વજ્ઞાન—મહાયાગ (શિબિર) *

ગુરુ-જન્મોત્સવના આ મંગલ અવસરે, પૂજ્ય બહેનશ્રીના આગામી ૮૫મા 'મહામણિ-જન્મોત્સવ'ના હર્ષોપલક્ષમાં બૃહદ્મુંબઈના 'શ્રી કુન્દકુન્દ-કહાન-પરિવાર-યુવકમંડળ' દ્વારા આયોજનાધીન વિભિન્ન ધાર્મિક શિક્ષણશિબિરોમાં ક્રમાગત આ પાંચમો 'તત્ત્વજ્ઞાન-મહાયાગ' (શિબિર) આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં મુમુક્ષુઓએ તત્ત્વજ્ઞાનના અભ્યાસનો લાભ લીધો હતો. આ લાભ ઉપરાંત વિશિષ્ટ લાભ હતો અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશક માર્મિક આધ્યાત્મિક ટેપ-પ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રીની આધ્યાત્મિક વિડિયો-તત્ત્વચર્ચાનો

અને આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈના આશિષદાયી તેમ જ તત્ત્વાભ્યાસની મધુરી પ્રેરણાપૂર્ણ સત્સમાગમનો જેના લીધે તત્ત્વપિપાસુ યુવકવર્ગ તેમ જ અન્ય આબાલવૃદ્ધ સર્વ આનન્દવિભોર થઈ જતા હતા.

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા પર્વ :—** આગામી અષાઢ સુદ ૮, ગુરુવાર તા. ૨-૭-૯૮ થી અષાઢ સુદ ૧૫, ગુરુવાર, તા. ૯-૭-૯૮—આઠ દિવસ સુધી શ્રી પંચમેરુનન્દીશ્વરજિનાલયમાં પંચમેરુ–નન્દીશ્વરપૂજાવિધાન તેમ જ અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક સાનન્દ ઉજવવામાં આવશે.

**વીરશાસનજયન્તી :—** આગામી અષાડ વદ ૧, શુક્રવાર, તા. ૧૦-૭-૯૮ના રોજ શ્રી પરમાગમમન્દિરમાં પૂજાભક્તિના વિશેષ આયોજન સહ ઉજવવામાં આવશે.

**પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ :—** અધ્યાત્મવિદ્યાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનના ૮૫મા વર્ષના 'મહામણિ-જન્મોત્સવ'ના અવસર પર તા. ૧-૮-૯૮, શનિવાર થી તા. ૨૦-૮-૯૮, ગુરુવાર—વીસ દિવસ સુધી પુરુષો માટે 'પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ' ચાલશે. શિક્ષણાર્થીઓ માટે આવાસ–ભોજન–વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

## * ૮૫મા વર્ષનો 'મહામણિ–જન્મોત્સવ' *

બૃહદ્ મુંબઈના 'શ્રી કુન્દકુન્દ–કહાન પરિવાર યુવક મંડળ'ના સૌજન્યથી પૂજ્ય ગુરુદેવના ભક્તચૂડામણિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનનો ૮૫મા વર્ષનો મંગલમય 'મહામણિ–જન્મોત્સવ' (શ્રવણ વદ ૨) તા. ૫-૮-૯૮, બુધવારથી તા. ૯-૮-૯૮, રવિવાર—પાંચ દિવસ સુધી ધર્મધ્વજારોહણ ઈત્યાદિ વિધિપૂર્વક શ્રી સિદ્ધપરમેષ્ઠિમંડલવિધાનપૂજા ઈત્યાદિ કાર્યક્રમપૂર્વક સમ્પન્ન થશે. ઈન્દ્રોની રુ. ૩૦૦૧ ની એક જ શ્રેણી રાખવામાં આવી છે. નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૫-૭-૯૮, રવિવારના રોજ રાખવામાં આવી છે.

*

## * દશલક્ષણ–પર્યુષણના માટે પ્રવચનકાર *

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ભક્તગણ શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળોને, પૂજ્ય ગુરુદેવ દ્વારા સમુપદિષ્ટ શુદ્ધાત્મપ્રમુખ અધ્યાત્મતત્ત્વજ્ઞાનનો પ્રવચનલાભ લેવા દશલક્ષણ–પર્યુષણપર્વમાં સોનગઢથી પ્રવચનકાર વિદ્વાન બોલાવવાની ભાવના હોય તેઓ પોતાના મુમુક્ષુ મંડળના અધ્યક્ષ તેમ જ મંત્રી દ્વારા લેખિત નિવેદનપત્રથી નીચેના એડ્રેસ પર જાણ કરે. સુવિધાનુસાર પ્રવચનકાર મોકલવામાં આવશે.

*પ્રચાર વિભાગ,*
*શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ,*
*સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

# મુંબઈના ઉપનગર પાર્લામાં સાનન્દોલ્લાસ સમ્પન્ન
## * શ્રી જિનબિંબ-વેદીપ્રતિષ્ઠામહોત્સવ *

ભારતવર્ષની વિશ્વપ્રસિદ્ધ મહાનગરી મુંબઈના પાર્લા ઉપનગરમાં શ્રી કુન્દકુન્દ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા—સાન્તાક્રૂઝ દ્વારા શ્રી સીમન્ધરસ્વામી દિગંબર જિનાલયની વેદીપ્રતિષ્ઠા નિમિત્તે આયોજિત—વિ. સં. ૨૦૫૪, વૈશાખ સુદ ૬, શુક્રવાર, તા. ૧-૫-૯૮ થી વૈશાખ સુદ ૮, રવિવાર, તા. ૩-૫-૯૮—ત્રણ દિવસીય શ્રી દિગંબર જિનબિમ્બ-વેદીપ્રતિષ્ઠામહોત્સવ, પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનના ધર્મોપકારપ્રતાપથી તથા આપણા ઊંડા આદર્શ-આત્માર્થી, પંડિતરત્ન આદરણીય શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહની આનન્દોત્સાહવર્ધિની મંગલ આશિષથી, હજારોં મુમુક્ષુઓના ભક્ત્યુલ્લાસમય વાતાવરણમાં સાનન્દોલ્લાસ ઉજવવામાં આવ્યો. સોનગઢ, રાજકોટ, નૈરોબી (કેન્યા), લંડન, અલીગઢ, બૃહદ્ મુંબઈ આદિથી લગભગ ૨૫૦૦થી અધિક મુમુક્ષુ આ મંગલ મહોત્સવનો લાભ લેવા માટે આવ્યા હતા.

વેદી પ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત પવિત્ર વિધિના ક્રમાનુસાર તા. ૧-૫-૯૮ના રોજ ક્રમશઃ શાન્તિજાપ પ્રારંભ, પ્રતિષ્ઠામંડપશુદ્ધિ, જેમની મંગલવર્ધિની નિશ્રામાં આ વેદીપ્રતિષ્ઠામહોત્સવ ઉજવવામાં આવ્યો તે વિધિ-અધ્યક્ષ પરમપૂજ્ય કુમાર બ્રહ્મચારી શ્રી પાર્શ્વનાથ ભગવાનના પ્રતિષ્ઠિત જિનબિમ્બને શોભા- યાત્રાપૂર્વક વિધિમંડપમાં બિરાજમાન કરવાની મંગલ વિધિ, નાન્દીવિધાન, અખંડદીપપ્રદીપન, ધર્મ- ધ્વજારોહણ, ઈન્દ્રોં દ્વારા શ્રી પંચપરમેષ્ઠિમંડળવિધાનપૂજા; તા. ૨-૫-૯૮ના રોજ જિનેન્દ્રપૂજા તેમ જ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીના ટેપ દ્વારા મંગલાચરણપૂર્વક આચાર્ય-અનુજ્ઞા, ઈન્દ્રપ્રતિષ્ઠા, ઈન્દ્રોં દ્વારા શ્રી યાગમંડલવિધાન-મહાપૂજા, જલયાત્રા, વેદી-મન્દિર-કલશ-ધ્વજશુદ્ધિ; તા. ૩-૫-૯૮ના રોજ શોભાયાત્રાપૂર્વક શ્રી મહાવીરસ્વામીના તથા શ્રી ધાતકી-વિદેહ-ભાવિ જિનવરના જિનબિમ્બનો જિનાલયમાં મંગલ પદાર્પણ, પ્રતિષ્ઠાની પૂર્વવિધિ નિમિત્તે ભક્તિપાઠ, મનોહર વેદી પર શ્રી સીમંધરસ્વામી-જિનબિમ્બપ્રતિષ્ઠા, કલશ-ધ્વજારોહણ, સમયસાર-જિનવાણીપ્રતિષ્ઠા, શ્રી કુન્દકુન્દાચાર્ય-ચિત્રપટ સ્થાપન; સ્વાધ્યાયકક્ષમાં ભગવત્કુન્દકુન્દાચાર્યદેવ, પૂજ્ય સદ્ગુરુદેવ, પૂજ્ય ભગવતી માતા ઈત્યાદિના ચિત્રપટોની અનાવરણવિધિ, શાન્તિયજ્ઞ તથા અન્તમાં પ્રતિષ્ઠોત્સવ-સમાપન-રથયાત્રા.

પ્રતિષ્ઠાના વિધિવિધાન ઉપરાંત સમાગત દર્શકોને પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ ઓડિયો ટેપપ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાનો તથા વિભિન્ન વિદ્વાનોના શાસ્ત્રપ્રવચનોનો લાભ મળતો હતો. આ અવસર પર બ્ર૦ ચન્દુલાલભાઈ ઝોબાલિયા (સોનગઢ), બ્ર૦ વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) તથા ડૉ. શ્રી પ્રવિણભાઈ દોશી (રાજકોટ)ના શાસ્ત્રપ્રવચન થયા હતા. રાત્રિમાં ઈન્દ્રસભા, સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

આ અવસર પર લગભગ રુ. ૪૫,૦૦,૦૦૦=૦૦ની કુલ આવક થઈ હતી, જેમાં મુખ્ય વિવરણ નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧૫,૦૦,૦૦૦=૦૦ | મૂળનાયક શ્રી સીમંધરસ્વામીની પ્રતિષ્ઠામાં |
| ૫,૦૦,૦૦૧=૦૦ | શ્રી મહાવીર જિનબિમ્બ-પ્રતિષ્ઠામાં |
| ૫,૦૦,૦૦૧=૦૦ | ધાતકી-વિદેહ-ભાવિ-તીર્થંકરના જિનબિમ્બપ્રતિષ્ઠામાં |
| ૨,૧૧,૦૦૧=૦૦ | શ્રી સમયસાર જિનવાણી પ્રતિષ્ઠામાં |
| ૧,૭૧,૦૦૧=૦૦ | ભગવત્કુન્દકુન્દાચાર્યદેવ-ચિત્રપટને જિનમન્દિરના ગોખલામાં બિરાજમાન કરવાના. |
| ૬૧,૦૦૧=૦૦ | શ્રી કુન્દકુન્દાચાર્યદેવ-ચિત્રપટ અનાવરણ; |
| ૨,૦૫,૦૦૧=૦૦ | પૂજ્ય ગુરુદેવશ્રી-ચિત્રપટ અનાવરણ; |
| ૨,૦૧,૦૦૧=૦૦ | પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેન-ચિત્રપટ અનાવરણ; |
| ૧,૨૫,૦૦૦=૦૦ | શ્રીમદ્ રાજચન્દ્ર—ચિત્રપટ-અનાવરણ; |
| ૫૧,૦૦૧=૦૦ | વિધિ અધ્યક્ષ જિનબિમ્બ બિરાજમાન |

આ મંગલ મહોત્સવમાં ધનવ્યયનું સૌભાગ્ય મુખ્યતઃ નીચે પ્રમાણેના મહાનુભાવોને સમ્પ્રાપ્ત થયું હતું.

સર્વશ્રી હિમ્મતલાલ છોટાલાલ ઝોબાલિયા-પરિવાર; પ્રાણજીવનદાસ હરજીવનદાસ બોકર-પરિવાર; ડૉ. મનુભાઈ પી. શાહ-પરિવાર; કેશવલાલ ખીમચન્દ શાહ-પરિવાર; કિરીટભાઈ બી. શાહ; જ્યોતિબેન પ્રવીણચન્દ્ર મહેતા-પરિવાર; શાન્તાબેન ચન્દ્રકાન્ત દોશી-પરિવાર; રાજુભાઈ વી. શાહ; શારદાબેન શાન્તિલાલ શાહ-પરિવાર, સાયન; હંસરાજભાઈ દેવરાજ શાહ-પરિવાર, હા૦ ભરતભાઈ, લંડન; લીલાબેન વસન્તભાઈ પારેખ-પરિવાર; જયન્તીભાઈ ચમનલાલ દોશી-પરિવાર, બોરીવલી; સવાઈલાલ ત્ર્યમ્બકલાલ શાહ-પરિવાર; ન્યાલચંદ મૂલચંદ શાહ-પરિવાર, હા૦ ચન્દ્રકાન્તભાઈ; શાન્તિલાલ દલીચન્દ શાહ, હા૦ જસવન્તભાઈ, અંજનભાઈ, રાજેશભાઈ; યોગિનીબેન જે. શાહ, નયનાબેન એ. શાહ, સ્મિતાબેન આર. શાહ, હા૦ અંજનભાઈ શાહ; ચન્દ્રકાન્તભાઈ વાધર-પરિવાર; ઈત્યાદિ અનેક વિભિન્ન મુમુક્ષુઓએ આ મંગલ અવસરમાં ધનવ્યયનો લાભ લીધો હતો.

## * લંડનમાં (યુ. કે.) અધ્યાત્મપ્રવચનનો સુયોગ *

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ, સોનગઢના ટ્રસ્ટી, મન્ત્રી તેમ જ વિદ્વાન પ્રવચનકાર શ્રી ચિમનલાલ ઠાકરશી મોદીના અમેરિકા પ્રવાસથી પાછા ફરતા તા. ૮-૭-૯૮ થી તા. ૧૮-૭-૯૮—દસ દિવસ સુધી લંડનમાં અધ્યાત્મપ્રવચન, તત્ત્વચર્ચા તેમ જ શિક્ષણવર્ગ ઈત્યાદિ કાર્યક્રમનું આયોજન નિશ્ચિત કરવામાં આવ્યું છે. અતઃ લંડનનિવાસી સર્વ જિજ્ઞાસુ તેમ જ મુમુક્ષુઓને આ અવસરનો લાભ લેવા માટે ધર્મવાત્સલ્ય સહ હાર્દિક નિમંત્રણ છે.

*આયોજક તેમ જ નિમંત્રક —*
*શ્રી દિગંબર જૈન એસોસિએશન*

## વૈરાગ્ય સમાચાર :—

વિંછીયા નિવાસી સ્વ. પ્રેમચંદ લક્ષ્મીચંદ શાહના નાના પુત્ર શ્રી શશીકાંતભાઈ પ્રેમચંદ શાહ (વર્ષ ૬૯) તા. ૨૨-૨-૯૮ના રોજ નાગપુર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈ નિવાસી શ્રી લક્ષ્મીચંદ છબીલદાસ સંઘવી (બાબુભાઈ) તા. ૨૪-૨-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના જયેષ્ઠ પુત્રી સુખીબેન સવાઈલાલ દોશી (વર્ષ ૯૬) તા. ૨૮-૨-૯૮ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેર નિવાસી (હાલ–મુંબઈ) શ્રી સુરેશભાઈ ચીમનલાલ સંઘવી (વર્ષ ૬૨) તા. ૧૪-૩-૯૮ના રોજ કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વિદ્વાન પ્રતિષ્ઠિત વાંચનકાર હતા. તેમની વાંચનશૈલીથી યુવાવર્ગ તેમ જ તત્ત્વ-અભ્યાસી વર્ગ ખૂબ પ્રભાવિત હતો. દાદર મંદિરમાં તેઓ નિયમિત વાંચન કરતા હતા, તેમ જ અનેક મંડળોમાં વાંચન આપવા ઉપરાંત તેઓને અમેરિકા પ્રવચનપ્રવાસે ચાલુ વર્ષે જૂન માસમાં મોકલવાનું સંસ્થાએ આયોજન પણ કર્યું હતું. તેમણે કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ભવવિનાશીની અમૃતવાણીનો ઘણો લાભ લીધો હતો. છેલ્લે, 'હું ભગવાન પાસે જાઉં છું, હું જ્ઞાયકભગવાન પાસે જાઉં છું'—એવા ભાવ સહિત સ્વર્ગવાસ પામ્યા હતા.

શ્રી હેમરાજભાઈ વાઘજી હરીઆ તા. ૨૧-૧૧-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢ નિવાસી શ્રી નર્મદાબેન જેઠાલાલ મોદી (વર્ષ—૯૫) તા. ૫-૧૨-૯૭ના પુના મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

ભિલાઈ નિવાસી (હાલ—સોનગઢ) શ્રી લીલાવંતીબેન મોહનલાલ દેસાઈ તા. ૨૨-૩-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૧૩ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને બધી ધાર્મિક પ્રવૃત્તિનો નિયમિત લાભ લેતા હતા.

સુરત નિવાસી શ્રી રવજીભાઈ પરબતભાઈ પટેલ (સુરત મુમુક્ષુ મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ પટેલના ભાઈ) (વર્ષ—૫૩) તા. ૪-૪-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ગઢડા નિવાસી શ્રી નટવરલાલ ભીખાલાલ કામદાર (વર્ષ—૬૨) તા. ૧૭-૪-૯૮ના રોજ સોનગઢ મુકામે (અમરગઢ હોસ્પીટલમાં) સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયા નિવાસી શ્રી હરિલાલ મોહનલાલ ટોળીયા (વર્ષ—૭૪) તા. ૨૬-૪-૯૮ના રોજ સોનગઢ મુકામે હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૯મી જન્મજયંતી ઉજવવા ખૂબ ઉત્સાહથી સોનગઢ આવ્યા હતા. તેઓ વિંછીયા મુમુક્ષુ મંડળના મુખ્ય ટ્રસ્ટી હતા. વિંછીયાના શ્રી ચંદ્રપ્રભુ જિનમંદિરનો સંપૂર્ણ જિર્ણોદ્ધાર તેમની દેખરેખ નીચે થયો

હતો. તેઓને તત્ત્વપ્રચાર–પ્રસારનો ખૂબ રસ હતો. તત્ત્વરસિક અને ઉત્સાહી કાર્યકર્તા હતા.

મૂળી નિવાસી (હાલ મુંબઈ) શ્રીમતી સમજુબેન લક્ષ્મીચંદ નીમચંદ શાહ (વર્ષ–૯૩) તા. ૬-૫-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદ નિવાસી શ્રી શાંતિલાલ અમૃતલાલ કામદારના સુપુત્રી શ્રીમતી મંજુલાબેન રમેશચંદ્ર વ્યાસ (વર્ષ–૬૨) તા. ૬-૫-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાણપુર નિવાસી શ્રી સમતાબેન નારણદાસ શાહ (વર્ષ–૯૫) તા. ૨૦-૫-૯૮ના રોજ સુરેન્દ્રનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. સોનગઢના સમવસરણની પ્રતિષ્ઠા વખતે માતા–પિતા બનવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થયો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ઘણા વર્ષ સોનગઢ સ્થાયી રહીને ઘણો લાભ લીધો હતો.

દાહોદ નિવાસી વિદ્વાન વાંચનકાર શ્રી ઝવેરીલાલ પન્નાલાલ સરૈયા (વર્ષ–૭૨) તા. ૨૩-૫-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા પચ્ચાસ વર્ષથી પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં આવેલા અને ખૂબ લાભ લીધો હતો.

લાઠી નિવાસી (હાલ–સોનગઢ) શ્રી જયંતીલાલ મણીલાલ ભાયાણી (વર્ષ-૮૭) તા. ૨૫-૫-૯૮ ના રોજ વડોદરા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહીને ઘણો લાભ લીધો હતો. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના જૂના અનુયાયી હતા.

બોટાદ નિવાસી શ્રી લીલાવંતીબહેન જયંતીલાલ ગોપાણી (બ્ર. પ્રફુલ્લાબેન ગોપાણી તથા ડૉ. જિતુભાઈ ગોપાણીના માતુશ્રી) તા. ૨-૬-૯૮ના રોજ સ્વર્ગવાસી પામ્યા છે. તેઓ અવાર-નવાર સોનગઢ આવીને–રોકાઈને લાભ લેતા હતા.

આગરાનિવાસી શ્રી જગદીશપ્રસાદ પદમચંદજી જૈન (વર્ષ-૪૧) તા. શ્રુતપંચમીના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી તેઓએ દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

**આ અંકથી આપનું આત્મધર્મ--વાર્ષિક લવાજમ પૂરું થાય છે. આગામી જુલાઈ-૯૮ થી જૂન-૯૯ના વર્ષનું વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તુરત મોકલી આપવું. વાર્ષિક લવાજમને બદલે રૂા. ૧૦૧=૦૦ મોકલી આજીવન સભ્ય બની સંસ્થાને વ્યવસ્થામાં સહકાર આપશો.**

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* દ્રવ્યમાં વિકાર નથી, ગુણમાં નથી, નિમિત્તમાં નથી પણ માળો જોર કરીને જબરજસ્તીથી અદ્ધરથી લટકતો, સમય પૂરતો ઊભો કરે છે. ૯૬.

* જ્ઞાનની પર્યાયમાં જાણનાર જણાય છે છતાં તેને જાણતો નથી ને પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે કે રાગ તે હું છું,—એવી એકત્વબુદ્ધિ કરે છે તે ભૂલ છે, તે મહા-અપરાધ છે. અનંત જ્ઞાન આનંદ આદિનો દરબાર છે તેને જાણતો નથી ને પુણ્ય–પાપના રાગાદિને પોતાના જાણે છે તે મહા-અપરાધ છે, તે નાનો ગુન્હેગાર નથી પણ મહા-ગુન્હેગાર છે. ૯૭.

* દ્રવ્યદૃષ્ટિમાં આત્મા જ્ઞાયક જ છે, તે શુભાશુભ ભાવરૂપે થયો જ નથી, અચેતનરૂપે થયો જ નથી. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે પરિણમે તો અચેતન થઈ જાય તેથી તે પ્રમત્ત-અપ્રમત્તપણે થયો નથી. અસંખ્ય પ્રદેશે જ્ઞાનનો પુંજ જ્ઞાયક છે તે શુભાશુભ ભાવે કેમ પરિણમે ? તેથી શુભાશુભ ભાવવાળો જીવ એમ કહેવું તે ''ઘીના ઘડા''ની જેમ વ્યવહાર છે. ૯૮.

* ભૂત ને ભવિષ્યની બધી પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં વિદ્યમાન જ છે. જ્ઞાનમાં તો તેઓ વિદ્યમાન જ છે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રભુ ! તારો સ્વભાવ સર્વજ્ઞસ્વરૂપી છે. એ સર્વજ્ઞસ્વરૂપી પર્યાય પ્રગટે તેમાં ત્રણકાળના પર્યાયો સ્થિરબિંબ પડ્યા છે. આહાહા ! આ વાત જેને જ્ઞાનમાં યથાર્થ બેઠી તેને ભવનો અંત આવી ગયો ! એને કેવળજ્ઞાન થયે જ છૂટકો, એના ક્રમમાં કેવળજ્ઞાન આવશે જ અને એ કેવળજ્ઞાન અત્યારે બીજાના કેવળજ્ઞાનમાં અકંપપણે અર્પાઈ જ ગયું છે. ૯૯.

* ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરતાં પરિણતિના ષટ્કારકની ક્રિયાનું લક્ષ છૂટી જાય છે. પર્યાયના ષટ્કારકની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે ત્રિકાળી નિર્મળ અનુભૂતિ તે હું છું એમ લક્ષ કરતાં સમ્યગ્દર્શન થાય છે. વિકારના ષટ્કારક તો દૂર રહ્યાં પણ જ્ઞાનની પર્યાયના ષટ્કારકનાં પરિણમનનું લક્ષ પણ છોડીને તેનાથી ભિન્ન છું એવી દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. ૧૦૦.

## સ્વભાવનું જોર આવવું જોઈએ

ખરેખર તો એક પોતે જ છે ને બીજી વસ્તુ છે જ નહિ. હું જ એક છું, મારે હિસાબે બીજી વસ્તુ જ નથી. કેવળી હો, સિદ્ધ હો, તે તેને હિસાબે ભલે હો, પણ મારા હિસાબે તો તે નથી—એમ સ્વભાવની અપેક્ષાએ રાગ પણ પોતાનો નથી. દેહ–ધન–સ્ત્રી–પુત્ર આદિ તો એના છે જ નહિ પણ રાગ પણ તેનો નથી. જ્ઞાનસ્વરૂપ એકલો હું જ છું—એમ જોર આવવું જોઈએ.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 Licensed to
Post Without Prepayment

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]